
ગુજરાતી

# પ્રવેશિકા

## ધોરણ-આઠમું



આપેલા ચિત્રનું વર્ણન કરો



શિક્ષણખાતાનો મંજૂરી ક્રમાંક પ્રાશિસં/૨૦૦૯-૨૦૧૦/મંજૂરી/૫૦૫ (૨૯)/
૧૩૨૭ દિનાંક : ૨૦/૩/૨૦૦૯

## ગુજરાતી

# પ્રવેશિકા

## ધોરણ-આઠમું

૨૦૦૯

મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ,
પુણે.

પ્રથમાવૃત્તિ : ૨૦૦૯
પ્રથમ પુર્નમુદ્રણ : ૨૦૧૦

© મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે -૪૧૧ ૦૦૪.

મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ પાસે આ પુસ્તકના બધા હક્ક રહેશે. આ પુસ્તકમાંનો કોઈપણ ભાગ સંચાલક, મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળની લેખિત પરવાનગી વગર છાપી શકાશે નહિ.

ગુજરાતી સંપાદક મંડળ
ડૉ. મધુ સંપટ, નિમંત્રિત
કુ. કલ્પના મહેતા, નિમંત્રિત
શ્રીમતી ભગવતી પંડ્યા, નિમંત્રિત
શ્રીમતી કેતકી નિતેશ જાની
(આમંત્રક-સચિવ)

સંયોજન પ્રમુખ
શ્રીમતી કેતકી નિતેશ જાની
વિશેષાધિકારી ગુજરાતી, પાઠ્યપુસ્તક મંડળ, પુણે-૪

ચિત્રાંકન
શ્રી ચંદ્રશેખર બેગમપુરે

નિર્મિતિ
શ્રી. સચ્ચિતાનંદ આફળે, મુખ્ય નિર્મિતિ અધિકારી
શ્રી. સંજય કાંબળે, નિર્મિતિ અધિકારી
શ્રી. સંદીપ આજગાંવકર, નિર્મિતિ સહાયક

અક્ષરાંકન
મુદ્રા વિભાગ, પાઠ્યપુસ્તક મંડળ, પુણે-૪

કાગળ
૭૦ જી. એસ. એમ, ક્રીમવોવ્હ

મુદ્રણાદેશ
N / PB / 2010 – 11 / 0.02

મુદ્રક
Uchitha Graphic Printers Pvt. Ltd.

પ્રકાશક
શ્રી. વિવેક ગોસાવી, નિયંત્રક
પાઠ્યપુસ્તક નિર્મિતિ મંડળ, પ્રભાદેવી, મુંબઈ ૨૫.

# ભારતનું સંવિધાન

### આમુખ

અમે ભારતના લોકો ભારતને એક સાર્વભૌમ સમાજવાદી
બિનસાંપ્રદાયિક લોકતંત્રાત્મક પ્રજાસત્તાક તરીકે સંસ્થાપિત
કરવાનો તથા તેના સર્વ નાગરિકોને :

સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાય;
વિચાર, અભિવ્યક્તિ, માન્યતા,
ધર્મ અને ઉપાસનાની સ્વતંત્રતા;
દરજ્જા અને તકની સમાનતા;

પ્રાપ્ત થાય તેમ કરવાનો
અને તેવા સર્વમાં વ્યક્તિનું ગૌરવ
અને રાષ્ટ્રની એકતા અને અખંડતા
સુદૃઢ કરે એવી બંધુતા વિકસાવવાનો
ગંભીરતાપૂર્વક સંકલ્પ કરીને
અમારી સંવિધાનસભામાં
૨૬ નવેમ્બર, ૧૯૪૯ના રોજથી
આ સંવિધાન અપનાવી તેને અધિનિયમિત કરી
અમને પોતાને અર્પિત કરીએ છીએ..

# પ્રતિજ્ઞા

ભારત મારો દેશ છે. બધા ભારતીયો મારાં ભાઈબહેન છે.

હું મારા દેશને ચાહું છું અને તેના સમૃદ્ધ અને વૈવિધ્યપૂર્ણ વારસાનો મને ગર્વ છે. હું સદાય તેને લાયક બનવા પ્રયત્ન કરીશ.

હું મારાં માતાપિતા, શિક્ષકો અને વડીલો પ્રત્યે આદર રાખીશ અને દરેક જણ સાથે સભ્યતાથી વર્તીશ.

હું મારા દેશ અને દેશબાંધવો પ્રત્યે વફાદારી રાખવાની પ્રતિજ્ઞા લઉં છું. તેમનાં કલ્યાણ અને સમૃદ્ધિમાં જ મારું સુખ સમાયેલું છે.

# પ્રસ્તાવના

'પ્રાથમિક શિક્ષણ અભ્યાસક્રમ ૨૦૦૪'ના શાસનમાન્ય અભ્યાસક્રમ અનુસાર શાલેય વર્ષ ૨૦૦૬-૨૦૦૭ થી નવા પાઠ્યપુસ્તકો તૈયાર કરવાનું કામ પાઠ્યપુસ્તક મંડળે હાથમાં લીધું છે. ઉચ્ચ પ્રાથમિક સ્તરે આઠમા ધોરણ માટે 'ગુજરાતી પ્રવેશિકા'નું પુસ્તક દ્વિતીયભાષાના અભ્યાસ માટે તૈયાર કર્યું છે. આ પાઠ્યપુસ્તક આપના હાથમાં મૂકતાં અમને વિશેષ આનંદ થાય છે.

ગુજરાતી ભાષાના માધ્યમ સિવાયની અન્ય ભાષાના માધ્યમની શાળાઓમાં શિક્ષણ લેતા વિદ્યાર્થીઓ પોતાના વિચાર, ભાવના અને કલ્પના ગુજરાતીમાં સ્પષ્ટ રીતે વ્યક્ત કરે એટલી અપેક્ષા રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓમાં ગુજરાતી ભાષા પ્રત્યે પ્રેમ જાગે, ગુજરાતની સંસ્કૃતિ પ્રત્યે માન ઉપજે અને ભાષા દ્વારા ભાવનાત્મક ઐક્ય સાધી શકાય આવી બાબતો પ્રત્યે વિશેષ કાળજી આ પાઠ્યપુસ્તક તૈયાર કરતી વખતે લેવામાં આવી છે.

મહારાષ્ટ્રમાં ગુજરાતી માધ્યમ સિવાયની શાળાઓમાં ગુજરાતી શીખવનારા શિક્ષકો પાસે તથા શિક્ષણ તજજ્ઞો પાસે આ પુસ્તકનું સમીક્ષણ કરાવીને તેમના સૂચનોનો યોગ્ય વિચાર કરીને પછી જ આ પુસ્તકને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું છે.

ગુજરાતી ભાષા સમિતિ (નિમંત્રિત) તેમજ ચિત્રકારના નિષ્ઠાપૂર્વકના પરિશ્રમ દ્વારા આ પુસ્તક તૈયાર થયું છે. તેમનો મંડળ ખૂબ આભાર માને છે. આ ઉપરાંત આ પાઠ્યપુસ્તક નિર્મિતિમાં જેમનો સહકાર મળ્યો છે, તે સર્વનું મંડળ આભારી છે.

વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકો આ પુસ્તકને આવકારશે, તેવી અપેક્ષા છે.

(વિવેક ગોસાવી)
પ્ર. સંચાલક
મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ
અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે.

પુણે
તા : ૧૬-૦૩-૦૯

## અનુક્રમણિકા


| ક્રમ | ગદ્ય/પદ્ય | લેખક/કવિનું નામ | પૃષ્ઠક્રમાંક |
|---|---|---|---|
| ૧ | તારે મંદિરિયે | કૃષ્ણલાલ શ્રીધરાણી | ૧ |
| ૨ | ભલામણપત્ર વગરનો ઉમેદવાર | | ૪ |
| • | નામ અને તેના પ્રકાર | | ૮ |
| ૩ | અરુણોદય | કવિ ન્હાનાલાલ | ૯ |
| ૪ | બીકણ સસલી | ગિજુભાઈ બધેકા | ૧૨ |
| • | લિંગ અને વચન | | ૨૧ |
| ૫ | હિંદમાતાને સંબોધન | મણિશંકર ભટ્ટ 'કાન્ત' | ૨૨ |
| ૬ | અમારા માધવકાકા | છોટુભાઈ ભટ્ટ | ૨૬ |
| ૭ | શેરીએ આવે સાદ | રાજેન્દ્ર શાહ | ૩૩ |
| • | સર્વનામ | | ૩૭ |
| ૮ | આપણા મલકમાં | જયંતિલાલ દવે | ૩૮ |
| ૯ | વાડીમાં થયો ઝઘડો | | ૪૩ |
| • | વિશેષણ | | ૪૮ |
| ૧૦ | શરણાઈવાળો | દલપતરામ | ૪૯ |
| ૧૧ | સરદાર પટેલ | દોલતભાઈ દેસાઈ | ૫૨ |
| • | ઉપક્રમ અને વિરામચિહ્નો | | ૫૭ |
| ૧૨ | કન્યાવિદાય | અનિલ જોષી | ૫૮ |
| ૧૩ | નાનકડી જિંદગીમાં.... | ડેનિયલ મઝગાંવકર | ૬૨ |
| • | ક્રિયાપદ-કાળ | | ૬૭ |
| ૧૪ | જેને વીતી હોય તે જાણે | કેશવરામ | ૬૮ |
| ૧૫ | દેશભક્ત જગડુશા | રમણલાલ સોની | ૭૨ |
| • | પત્રલેખન | | ૮૧ |
| • | માર્ગદર્શક પ્રશ્નપત્ર | | ૮૩ |

# તારે મંદિરિયે

કૃષ્ણલાલ શ્રીધરાણી : કૃષ્ણલાલ શ્રીધરાણીનો જન્મ ભાવનગર જિલ્લાના ઉમરાળા ગામમાં થયો હતો. ગાંધીયુગના આ સમર્થ કવિએ કવિતા, નાટક, વાર્તા જેવા સાહિત્ય સ્વરૂપોમાં મહત્ત્વનું પ્રદાન કર્યું છે. 'કોડિયાં' અને 'પુનરપિ' તેમના જાણીતા કાવ્યસંગ્રહો છે.

તારે મંદિરિયે ફૂલ ધરવાને,
બાળકને કેમ જાવું પડે ?
વિશ્વ ભર્યું તારા પગલામાં,
જ્યાં હોય ત્યાંથી ફૂલડાં અડે,
તારે મંદિરિયે નૈવેદ ધરવા,
નિત નિત જાવું ગમતું ના;
ભૂખ્યા જનોમાં તુજને પેખી;
કહીશું કે 'લે-લે, ભાઈ ! ખા.'
તારે મંદિરિયે દીપ ધરવાને,
જાવું ઠીક નહીં અમને;
જ્યાં જ્યાં વિશ્વ મહીં અંધારું,
ત્યાં ધરશું દીપક તમને.
તારે મંદિરિયે ફૂલ ધરવાને,
બાળકને કેમ જાવું પડે?
વિશ્વભર્યું તારા પગલામાં,
જ્યાં હોય ત્યાંથી ફૂલડાં અડે.



## શબ્દાર્થ

મંદિરિયે-મંદિરમાં; ધરવું-અર્પણ કરવું; વિશ્વ-જગત, દુનિયા; નૈવેદ-ભોગ, પ્રસાદ; નિત-હંમેશાં; પેખી-જોઈ; ફૂલ-પુષ્પ, સુમન; જન-માણસ; દીપ-દીવો.

### સૂર..... કૃતિનો

પ્રસ્તુત પ્રાર્થના કાવ્યમાં કવિ જણાવે છે કે ઈશ્વર તો સર્વવ્યાપી છે. એટલે કે બધે જ છે. માટે મંદિરમાં જઈને ફૂલ, નૈવેદ કે દીપ ધરવાને બદલે ભૂખ્યાંને ભોજન કરાવવાની કવિ વાત કરે છે. વિશ્વના અંધકારને દૂર કરવા માટે જ્ઞાનનો દીપ પ્રગટાવવાની જરૂર છે તેમ કવિ કહે છે.

## સ્વાધ્યાય

સ.૧ એક વાક્યમાં જવાબ લખો.

૧. વિશ્વ શેમાં ભર્યું લાગે છે ?

૨. કવિને ઈશ્વરનાં દર્શન કોનામાં થાય છે ?

૩. કવિ ક્યાં દીવો ધરવાની વાત કરે છે ?

૪. કવિ મંદિરમાં જઈ શું કરવાની ના પાડે છે ?

સ.૨ ખાલી જગ્યા પૂરો.

૧. તારે .................. ફૂલ ધરવાને.

૨. તારે મંદિરિયે .................. ધરવા.

૩. .................. જનોમાં તુજને પેખી.

૪. જ્યાં જ્યાં વિશ્વ મહીં ..................

૫. વિશ્વ ભર્યું તારા ..................

સ.૩ મુદ્દાસર જવાબ લખો.

૧. કવિને મંદિરમાં શું શું કરવું ગમતું નથી ? શા માટે ?

૨. 'ઈશ્વર સર્વવ્યાપી છે.' કાવ્ય દ્વારા સ્પષ્ટ કરો.

સ.૪ સમાનાર્થી શબ્દ લખો.
વિશ્વ, નૈવેદ, ફૂલડાં, નિત, દીપ

સ.૫ વિરોધી શબ્દ લખો.
અંધારું, ગમો, નિત

## ઉપક્રમ

★ કોઈપણ પાંચ પ્રાર્થનાકાવ્ય મેળવીને 'પ્રાર્થના સંગ્રહ' તૈયાર કરો.

## પૂરકવાંચન

### ★ એક કોડિયું.... ★

એને હંમેશાં પ્રકાશિત રાખો...!

આપણે ભગવાન પાસે પીવાનું થોડુંક પાણી માંગ્યું એણે હજારો નદીઓ, ઝરણાંઓ અને સરોવરો આપણને આપી દીધાં !!

આપણે એની પાસે એકાદ ફૂલની માગણી કરી, એણે આપણને બગીચાઓ ભરીને ગુલદસ્તાઓ મોકલી આપ્યા.

આપણે એની પાસે છાંયડા માટે એક ઝાડ માંગ્યું અને એણે આપણને મોટાં જંગલો આપી દીધાં.

આપણે કહ્યું કે... હે ભગવાન ! એકલું એકલું લાગે છે તો એણે આપણને કુટુંબ, સાથી-સંગાથી તેમજ મિત્રોની ભેટ મોકલી આપી.

કેવો દયાળુ છે એ ? કેટલો બધો માયાળુ છે ? એના પર વિશ્વાસ રાખીએ તો એ શું નથી આપતો ? બસ, આપણે તો તેના આ વિશ્વમાં સૌને ખુશ રાખવાના છે. તેનું વિશ્વ આપણાં દુરુપયોગથી બગડે નહી તેનું ધ્યાન રાખવાનું છે. એ જ તેની આ ઉત્તમોત્તમ ભેટોનું મૂલ્ય છે.

ભગવાન પ્રત્યેની શ્રદ્ધા તેમજ વિશ્વાસનું કોડિયું હંમેશાં સળગતું જ રાખો. પછી જુઓ કે અંધકારનો ડર ક્યારેય નહીં સતાવે. અને એ વાત પણ સત્ય જ છે કે આખા બ્રહ્માંડનું અંધારું એકઠું થાય ને તોપણ એક કોડિયાને ક્યારેય નથી ઠારી શકતું !

ઈશ્વરમાં વિશ્વાસ રાખનાર કદી નિરાશ થતાં નથી.

# ભલામણપત્ર વગરનો ઉમેદવાર

એક વખત મુંબઈના એક મોટા વેપારીને નામું લખવા માટે મુનીમજી જોઈતા હતા. તેથી તેમણે વર્તમાનપત્રમાં જાહેરખબર આપી અને એક દિવસ નક્કી કરી તેમના ઈન્ટરવ્યૂ લેવામાં આવ્યા. તેમાંથી એક યુવાનની પસંદગી કરવામાં આવી.

વેપારીના મિત્રે તેને પૂછ્યું ''આ યુવાનને તમે કેવી રીતે પસંદ કર્યો ? શું તેની પાસે કોઈ ભલામણ હતી''.

વેપારીએ કહ્યું, ''હા ! એની પાસે ઘણી ભલામણો હતી.'' નોકરી



માટે પચ્ચીસ ઉમેદવારો આવ્યા હતા. તેમાં તેણે ધક્કા-મુક્કી કરીને આગળ આવવાનો પ્રયત્ન ન કર્યો જ્યારે તેનો વારો આવ્યો ત્યારે જ તેણે પ્રવેશ કર્યો. દરવાજામાં દાખલ થતાં જ તેણે પોતાના બૂટ ગમે ત્યાં ન કાઢતા એક બાજુએ કાઢયા અને પગ લૂછીને તે અંદર પ્રવેશ્યો આ પરથી તેની સ્વચ્છતા અને વ્યવસ્થિતપણું મને દેખાયું.

પ્રવેશદ્વાર પાસે મેં જાણી જોઈને એક ચોપડો મૂકાવ્યો હતો. બીજા ઉમેદવારોએ ચોપડો જોયો ખરો, પણ કેટલાક તેને ઓળંગીને આવ્યા તો કેટલાકે તેને પગની ઠેસ મારીને બાજુએ ખસેડયો. પરંતુ, તેણે તો એ ચોપડો ઊંચકીને બાજુમાં ટેબલ પર મૂક્યો. આ પરથી તે ચોકસાઈવાળો છે તે માલૂમ પડયું. તેનાં સ્વચ્છ અને ચોખ્ખાં કપડાં તેના વ્યક્તિત્વની સભ્યતાનો પરિચય આપતા હતા. તેને જયારે લખવાનું કહેવામાં આવ્યું ત્યારે મનમાં જરા પણ ગભરાટ કે ખચકાટ વગર તેણે ધીમે ધીમે અને વ્યવસ્થિત લખ્યું. તેનું લખાણ સીધી લીટીમાં મરોડદાર અને સુંદર અક્ષરવાળું હતું તેમજ લખવા માટે લીધેલો કિત્તો અને ખડિયો લખાઈ ગયા પછી જ્યાંથી લીધા હતા. ત્યાં ફરી પાછા વ્યવસ્થિત મૂકી દીધા આ પરથી તે કામમાં કેટલો ચોક્કસ અને સાવધ હતો તેનું મને દર્શન થયું.

તમે જ કહો કે આ બધી બાબતોને તમે શું ભલામણ નહિ કહો ? ભલામણની ચિઠ્ઠીઓ, કાગળો કે ફક્ત સર્ટિફિકેટ ને આધારે ઉમેદવારની પસંદગી કરવા કરતાં તેની ચોકસાઈ, વિવેક, નમ્રતા જેવા સંસ્કારોની ખાતરી કરીને તેની પસંદગી કરવી તે જ મારે મન ભલામણપત્ર સમાન છે.

## શબ્દાર્થ

વર્તમાનપત્ર-છાપું; પ્રવેશ કરવો-દાખલ થવું; પ્રવેશદ્વાર-દરવાજો; ઓળંગવું-ટપવું; ઠેસ-ઠોકર; પરિચય-ઓળખ; કિત્તો-બરૂની કલમ; ખડિયો-શાહીની બાટલી, દવાત; સાવધ-જાગૃત, સચેત.

## સૂર..... કૃતિનો

પ્રસ્તુત ગદ્યકૃતિમાં શિક્ષણની સાથે સાથે જ જીવનઘડતરનું મહત્ત્વ સરસ મજાના સીધા સાદા ઉદાહરણ દ્વારા દર્શાવ્યું છે. ગમે તેટલી મોટી પદવી કે ઉપાધિ મેળવી હોય, મોટા મોટા મહાન વ્યક્તિઓની ભલામણચિઠ્ઠી હોય પરંતુ જો જીવનકૌશલ્યોનું ઘડતર જ ન થયું હોય તો તે બધું વ્યર્થ નીવડે છે. તેનાથી ઊલટું ભલે કોઈની ભલામણચિઠ્ઠી ન હોય પરંતુ સાચું શિક્ષણ અને જીવનકૌશલ્ય કેળવ્યું હોય તો તે સૌથી મોટી ભલામણ બની રહે છે. આ જીવનકૌશલ્ય કેળવવા માટે આપણે નમ્રતા, ચોકસાઈ, વિવેક, સુઘડતા, નિર્ભયતા, આત્મવિશ્વાસ જેવા અતિશય મહત્ત્વના ગુણો કેળવવા જરૂરી બને છે.

## સ્વાધ્યાય

સ.૧ એક વાક્યમાં જવાબ લખો.

૧. મુંબઈના વેપારીને મુનિમજી શા માટે જોઈતા હતાં ?

૨. વેપારીએ જાહેરખબર શેમાં આપી ?

૩. નોકરી માટે કેટલા ઉમેદવારો આવ્યા હતા ?

૪. વેપારીએ પ્રવેશદ્વાર પાસે શું મૂકાવ્યું હતું ?

૫. ઉમેદવારનું લખાણ કેવું હતું ?

૬. વેપારીને ઉમેદવારના વ્યક્તિત્ત્વની સભ્યતાનો પરિચય શેના ઉપરથી મળ્યો ?

સ.૨ મુદ્દાસર જવાબ લખો.

૧. 'રીતભાત એ જ સાચી ભલામણ'-આ વાક્ય પ્રસ્તુત પાઠનાં આધારે સ્પષ્ટ કરો.

૨. ઉમેદવારમાં રહેલા ચોકસાઈ, સ્વચ્છતા અને નિર્ભયતાના ગુણોની ખાતરી વેપારીને કેવી રીતે થઈ ?

સ.૩ વિરોધી શબ્દ લખો.

વ્યવસ્થિત, ચોક્કસ, પસંદગી, નમ્રતા, સ્વચ્છતા, યુવાન

સ.૪ વાક્યમાં ઉપયોગ કરો.

વર્તમાનપત્ર, ઈન્ટરવ્યુ, ભલામણ, પ્રવેશદ્વાર, વ્યક્તિત્વ, મરોડદાર, સાવધ, વિવેક

## ઉપક્રમ

★ જીવનમાં શિસ્તનું મહત્ત્વ : વિશે નિબંધ લખો.

## પૂરકવાંચન

### ★ જીવનમાં સાદાઈ અને શિસ્ત ★

આપણી પ્રાચીન સભ્યતા અને સંસ્કૃતિ બિરદાવવા જેવી હતી. ત્યારે કદાચ શિક્ષણના મહત્ત્વ કરતાંય માનવીના ગુણો, આવડત અને સંસ્કારોનું વિશેષ મૂલ્ય હતું.

બદલાતા સમયના વહેણની સાથે માનવીની જીવનશૈલી પણ બદલાતી ગઈ. માનવીની લાયકાતનું મૂલ્ય માત્ર ડીગ્રીઓના થોથામાં જ રહી ગયું. ભણતરની સાથેનું ઘડતર ઘટતું ગયું. મહત્વકાંક્ષા ઊંચી થઈ પરંતુ મૂલ્યો નામશેષ થઈ ગયાં. તેમાંય આજનું પાશ્ચાત્ય થતું જતું જીવન. બાકી રહેલી કસર ટી. વી. પૂરી કરે છે. થોડાઘણાં સારા કાર્યક્રમોને બાદ કરતાં ઘણાં કાર્યક્રમો બાળકો-યુવાનોને ગેરમાર્ગે દોરે છે. તેમનામાં વિકૃતિઓનું સંસ્કરણ કરે છે. જીવન પદ્ધતિના પાયાને આપણે ઊંચા જીવન ધોરણના ઘમંડમાં આવીને વિસારે પાડયા છે. તેથી જ સાદાઈ અને શિસ્ત હશે તો જ આજે આપણું અસ્તિત્વ ટકાવી શકીશું.

> ''ચોકસાઈ અને કાર્ય પ્રત્યેની વફાદારી એ વ્યક્તિની મોટામાં મોટી ભલામણ છે.''

## નામ અને તેના પ્રકાર

૧. ચોક્કસ વ્યક્તિ કે વસ્તુ દર્શાવે.-વ્યક્તિવાચક નામ
સપના સરસ ગીત ગાય છે.
(ગંગા, હિમાલય, રમેશ)

૨. આખો વર્ગ કે જાતિ દર્શાવે.- જાતિવાચક નામ
લલિત નદીમાં સ્નાન કરે છે.
(પર્વત, શાક, માણસ)

૩. અનાજ, દ્રવ્ય કે પદાર્થ દર્શાવે.-દ્રવ્યવાચક નામ
લતા ઘઉં સાફ કરી નાખ.
(ચાંદી, છાશ, તેલ)

૪. વ્યક્તિ કે પદાર્થનો સમૂહ દર્શાવે. -સમૂહવાચક નામ.
ભારતના લશ્કરે વિજય મેળવ્યો.
(ધણ, ઝૂડો, લૂમ)

૫. ક્રિયાનો ભાવ, ગુણ, અસર દર્શાવે.-ભાવવાચક નામ.
ભાભી બાની ખૂબ સેવા કરે છે.
(આનંદ, ગરમી, દુઃખ)

### સ્વાધ્યાય

નીચે આપેલાં વાક્યોમાંથી નામ શોધી તેનો પ્રકાર લખો.

૧. અમે પોરબંદરના પ્રવાસે ગયા હતા.
૨. બીજા માણસો તેની બહાદુરીનાં વખાણ કરવા લાગ્યાં.
૩. અમારા શિક્ષકે દાખલા ગણવા આપ્યા.
૪. આ વિસ્તાર પૃથ્વીરાજનો છે.
૫. મારો ચાવીનો ઝૂડો તે જોયો?
૬. સાંજ થતાં જ ગાયોનું ધણ પાછું ફર્યું.
૭. સોનાના ભાવ આસમાને પહોંચી ગયા છે.
૮. કાશ્મીરમાં ખૂબ ઠંડી પડે છે.
૯. ભારતે અવકાશમાં ઉપગ્રહો તરતા મૂક્યા છે.
૧૦. પાણી ચોખ્ખું અને ઉકાળેલું પીવું જોઈએ.

# અરુણોદય

કવિ ન્હાનાલાલ : દલપતરામના પુત્ર કવિ શ્રી ન્હાનાલાલ ઉત્તમ કોટિના કવિ છે. તેમનો જન્મ અમદાવાદમાં થયો હતો. તેમણે ડોલન શૈલીમાં નાટકો લખ્યાં છે. આ ઉપરાંત ચરિત્ર, નિબંધો વગેરે પણ લખ્યાં છે.

ઊગે છે પ્રભાત આજ ધીમે ધીમે;
ઊગે છે ઉષાનું રાજ્ય ધીમે ધીમે;
ઊગે છે પ્રભાત આજ ધીમે ધીમે ...
રજનીની ચૂંદડીના
છેડાના હીરલા શા
ડૂબે છે તારલા આજ ધીમે ધીમે;
ઊગે છે પ્રભાત આજ ધીમે ધીમે ...
પરમ પ્રકાશ ખીલે
અરૂણનાં અંગ ઝીલે
જાગે પ્રભુ વિશ્વમાં આજ ધીમે ધીમે;
જાગે પ્રભુ જીવમાં આજ ધીમે ધીમે;
ઊગે છે પ્રભાત આજ ધીમે ધીમે ...



## શબ્દાર્થ

પ્રભાત-સવાર; ઉષા-પરોઢનો, વહેલી સવારનો (મળસ્કાનો) સમય; રજની-રાત્રી; અરૂણ-સૂર્ય; વિશ્વ-દુનિયા, જગત; ધીમે-હળવે, ઝીલવું-પકડવું.

### સૂર..... કૃતિનો

પ્રસ્તુત કૃતિમાં કવિનો પ્રકૃતિ પ્રેમ જણાઈ આવે છે. વહેલી સવારે ધીમે ધીમે ઊગી રહેલા પરોઢનું મનોહર વર્ણન કરતાં કરતાં પ્રભુ પણ ધીમે ધીમે જાગે છે ત્યારે સમગ્ર વિશ્વમાં અને દરેક જીવમાં ચેતનાનો સંચાર થાય છે. ચારે બાજુ પરમ પ્રકાશ પસરાઈ રજનીને સ્નેહભરી વિદાય આપતાં તારલા પણ વિદાય લે છે.

## સ્વાધ્યાય

સ.૧ નીચેના સવાલના જવાબ લખો.

૧. પ્રભાત કેવી રીતે ઊગે છે ?

૨. પ્રભાતને કવિ કોનું રાજ્ય કહે છે ?

૩. આથમતા તારલાને કવિ કોની સાથે સરખાવે છે ?

૪. સૂર્યના ઉદયની લોકો પર શી અસર થાય છે ?

સ.૨ કાવ્યપંક્તિ પૂર્ણ કરો.

૧. રજનીની .................. પ્રભાત આજ ધીમે ધીમે.

૨. પરમ પ્રકાશ .................. જીવમાં આજ ધીમે ધીમે.

સ.૩ અરુણોદય થતાં પ્રકૃતિમાં શો બદલાવ આવે છે ?

સ.૪ (અ) સમાનાર્થી શબ્દો લખો.

પ્રભાત, ધીમે, વિશ્વ, અરુણ, રજની, પ્રકાશ

(બ) વિરુદ્ધ અર્થવાળા શબ્દ લખો.

ધીમે, આજ, પ્રકાશ, જાગવું

(ક) ઉદાહરણમાં દર્શાવ્યા મુજબ કાવ્યમાંથી પ્રાસવાળા શબ્દો શોધો.

ઉદા. ડૂબે-ઊગે

(ડ) કાવ્યમાં વિશેષણ 'ધીમું' ઉપરથી અવ્યય 'ધીમે' બન્યો છે જેને લેખકે ખૂબીપૂર્વક બેવડાવી ભાષાને સુંદર, મધુર બનાવી છે. નીચે થોડાં વિશેષણો આપ્યાં છે તેના અવ્યય બનાવો અને બેવડાયેલા અવ્યયનો વાક્યમાં ઉપયોગ કરો.

ઉદા. ધીમું - ધીમે ધીમે

મારી બા ધીમે ધીમે ચાલે છે.

મોટું / હળવું / બેઠું / લાંબું

## ઉપક્રમ

★ સૂર્યોદય અને સૂર્યાસ્તનાં દશ્ય માણો અને તેનાં ચિત્રો મેળવી તેનું સુંદર વર્ણન તમારા શબ્દોમાં કરો.

## પૂરકવાંચન

### ★ ઊગ્યો સૂરજ ★


ઊગ્યો સૂરજ ને રાત ઢળી,
ઝૂકી ડાળીઓ લળી લળી.
નાચે છે વેલીઓ, હસે છે ફૂલ,
વાયરાની સંગે ગાતાં બુલબુલ.
વ્હેતા ઝરણે લાલી ભળી,
ઝૂકી ડાળીઓ લળી લળી.
ઊછળે છે દરિયો મોજાં હસે,
રેતીના મ્હેલોમાં શમણાં વસે.
પંખી ગાતાં ભેગાં મળી,
ઝૂકી ડાળીઓ લળી લળી.
ઊડે પતંગિયાં કિરણોને સંગ,
ઝૂમે છે કળીઓ ઝળહળતા રંગ,
રંગોમાં સુગંધ કેવી ભળી ? ઝૂકી ડાળીઓ લળી લળી.

– રમેશ ત્રિવેદી

# બીકણ સસલી

ગિજુભાઈ બધેકા : ગિજુભાઈ બધેકાનું મૂળ નામ ગિરિજાશંકર ભગવાનજી બધેકા હતું. તેમનો જન્મ સૌરાષ્ટ્રના ચિત્તળ ગામમાં થયો હતો. 'મૂછાળી મા' તરીકે ઓળખાતા ગિજુભાઈએ બાળ-કેળવણીના ક્ષેત્રમાં પાયાનું કામ કર્યું છે.

એક હતી સસલી, બહુ બીકણ તે બહુ બીકણ !
મે' ગાજે ને બીએ, વીજ ચમકે ને બીએ.
ઝાડ ડોલે ને બીએ, વા વાય ને બીએ.
પાંખ હલે ને બીએ, ચાંચ હલે ને બીએ.
પંડ હલે ને બીએ, પૂંછ હલે ને બીએ.
આમ જોઈને બીએ, તેમ જોઈને બીએ.
ઊંચે જોઈને બીએ, નીચે જોઈને બીએ.



બહુ બીકણ તે બહુ બીકણ.
વા વાયો ને પાન ઊડ્યાં, સસલીબાઈ ધ્રૂજી ઊઠ્યાં.
એક પાન પીઠે પડ્યું, સસલીબાઈ નાસી છૂટ્યાં.

"ભાગો રે ભાઈ ભાગો !
દટ્ટણ આવ્યું, પટ્ટણ આવ્યું;
ઊંચેથી આભ પડ્યું,
પીઠ મારી ભાંગી નાખી;
ભાગો રે ભાઈ ભાગો !"

પગ લઈને નાઠાં જાય, કાન લઈને ભાગ્યાં જાય,
પૂંછડી લઈને નાસી જાય, જાત લઈને નાસી જાય.
કૂતરો પૂછેઃ "કાં સસલીબાઈ ! ક્યાં ભાગ્યાં ?"

"ભાગો રે ભાઈ ભાગો !
દટ્ટણ આવ્યું, પટ્ટણ આવ્યું;
ઊંચેથી આભ પડ્યું ,
પીઠ મારી ભાંગી નાખી;
ભાગો રે ભાઈ ભાગો !"
કુત્તો ભાગ્યો સસલી સાથ,
કુત્તી એની છે સંગાથ.

શિયાળ પૂછે; "કાં સસલીબાઈ ! ક્યાં ચાલ્યાં ?"

"ભાગો રે ભાઈ ભાગો !
દટ્ટણ આવ્યું, પટ્ટણ આવ્યું;
ઊંચેથી આભ પડ્યું,
પીઠ મારી ભાંગી નાખી;
ભાગો રે ભાઈ, ભાગો !"

શિયાળ ભાગ્યો સસલી સાથ,

શિયાળવી એની છે સંગાથ.
આઘે આઘે દોડયાં જાય,
રસ્તે ગધ્ધા-ભેટો થાય.
ગધ્ધો પૂછે : "કાં સસલીબાઈ ! ક્યાં ભાગ્યાં ?"
"ભાગો રે ભાઈ ભાગો !
દટ્ટણ આવ્યું, પટ્ટણ આવ્યું;
ઊંચેથી આભ પડ્યું,
પીઠ મારી ભાંગી નાખી;
ભાગો રે ભાઈ ભાગો !"
ગધ્ધો ભાગ્યો સસલી સાથ,
ગધ્ધી એની છે સંગાથ,
સસલી-કુત્તો-ગધ્ધો-શિયાળ.
આઘે આઘે ઊંટ હતું, લાંબી ડોકે ચરતું હતું.
આવો જોઈ રૂપાળો સંઘ,
પૂછ્યું ઊંટે આણી રંગ:
"ક્યાં ભાગ્યાં, ઓ સસલીબાઈ ?
ક્યાં ભાગ્યા છો કુત્તાભાઈ !
શિયાળભાઈ ને ગધ્ધાભાઈ !
– મારી આંખે આ નવાઈ !"
સસલી બોલી :
ભાગો રે ભાઈ ભાગો !
દટ્ટણ આવ્યું, પટ્ટણ આવ્યું;
ઊંચેથી આભ પડ્યું,
પીઠ મારી ભાંગી નાખી;
ભાગો રે ભાઈ ભાગો !"

લાંબી ડોકે મોટે પગલે,
ઊંટ ભાગ્યો સસલી-પગલે
વન ને વગડો વટી ગયાં,
ડુંગર-નદીને તરી ગયાં,
ભાગતાં ભાગતાં બપોર થયા.
રસ્તે સામે સિંહ મળ્યો.
આંખ કાઢી આડો ફર્યો.
''ક્યાં ભાગ્યાં છો સસલીબાઈ ?
શી માંડી છે આ ભવાઈ !
કુત્તા, ગધ્ધા, શિયાળભાઈ,
ભાગ્યા વળી ઊંટભાઈ
ક્યાં ભાગ્યાં છો ત્રાહિ ત્રાહિ ?''
સસલી બોલી :
    ભાગો રે ભાઈ ભાગો !
    દટ્ટણ આવ્યું, પટ્ટણ આવ્યું;
    ઊંચેથી આભ પડ્યું,
    પીઠ મારી ભાંગી નાખી;
    ભાગો રે ભાઈ ભાગો !''
        ત્રાડ મારી સિંહ ઊભો,
        રોષ સસલી સામે કીધોઃ
''ક્યાં છે તારું દટ્ટણ-પટ્ટણ ?
ક્યાં પડ્યું છે આભ તારું ?
ક્યાં ભાંગી છે કેડ તારી ?
ભાગો નહિ ભાઈ ! ભાગો નહિ !''
    ચાલ્યાં પાછાં સિંહ સાથેઃ



સસલી, ગધ્ધો, ઊંટ બધાંય
પાછા ફરતાં ધ્રૂજે પગ -
સિંહ પાછળ ભરે ડગ !

આવી સસલી વાડા પાસ:
ત્યાં પડ્યું છે થોડું ઘાસ,
ઘાસ પાસે પીપળપાન;
સસલી બોલી :
"એ છે આભ !"



ત્રાડ નાખી સિંહે કહ્યું: ''આવાને શું કહેવું રહ્યું ?
સસલી, તારી બીકણ જાત,
સૌની તે લીધી છે લાજ !''
સસલી શરમે નીચું જુએ,
ગધ્ધો-ઊંટ લાજી મરે.

## શબ્દાર્થ

બીકણ-ડરપોક; મે-વરસાદ; વા-પવન; પંડ-શરીર, પોતાની જાત; પીઠ-વાંસો, બરડો; નાસવું-ભાગી જવું; સંગાથ-સાથ; શિયાળવી-શિયાળની પત્ની; આઘે-દૂર; ગધ્ધો-ગધેડો; ભેટ-(અહીં) મુલાકાત; સંઘ-ટોળું; આણવું-લાવવું; વટી જવું-પસાર થવું; આંખ કાઢવી-ગુસ્સો કરવો; આડું ફરવું-વચ્ચે આવીને ઊભું રહેવું; ભવાઈ-તમાશો, ફજેતો; ત્રાહિ-ત્રાસ; ત્રાડ-ગર્જના; રોષ-ગુસ્સો; લાજ-આબરૂ, ઇજ્જત; લાજી મરવું-શરમથી નાનપ અનુભવવી.

### સૂર..... કૃતિનો

પ્રસ્તુત કૃતિમાં પ્રાચીન સાહિત્યની ખૂબજ જાણીતી એવી 'બીકણ સસલી' ની વાર્તા છે. પીપળાના પાનને સસલી આકાશ સમજી બેસે છે. અને ડરી જાય છે. પોતે તો ડરી જાય છે પણ પછીથી કૂતરો, શિયાળ, ગધેડો, ઊંટ વગેરે પ્રાણીઓને પણ ડરાવી દે છે. છેવટે સિંહ બધાને સાચી વાત સમજાવે છે. પીપળાનું પાન બતાવીને કહે છે કે, 'આ તમારું આભ છે.' ત્યારે દરેક પ્રાણી શરમિંદગી અનુભવે છે.

## સ્વાધ્યાય

સ.૧ એક વાક્યમાં જવાબ લખો.

૧. સસલીનો સ્વભાવ કેવો હતો ?

૨. સસલીની સાથે ક્યાં ક્યાં પ્રાણીઓ ભાગ્યાં ?

૩. દોડતાં પ્રાણીઓ સામે કોણે ગુસ્સો કર્યો ?

૪. સસલી શેને આભ માની બેઠી હતી ?

સ.૨ મુદ્દાસર જવાબ લખો.

૧. સસલી ક્યારે ક્યારે ડરતી હતી ?

૨. ઊંટે સસલીને શું પૂછ્યું ?

૩. સસલી સામે કોણ ગુસ્સે થયું ? ગુસ્સામાં તેણે શું કહ્યું ?

૪. સસલી સિંહને ક્યાં લઈ ગઈ ? શું બતાવ્યું ?

સ.૩ કોણ બોલે છે ? કોને કહે છે ?

૧. "ભાગો રે ભાઈ ભાગો !"

૨. "ક્યાં ભાગ્યાં છો સસલીબાઈ ? શી માંડી છે આ ભવાઈ !

સ.૪ નીચેના વાક્યોમાં યોગ્ય જગ્યાએ વિરામચિહ્નો મૂકો.

૧. ક્યાં છે તારું દટ્ટણ-પટ્ટણ

૨. ભાગો નહિ ભાઈ ભાગો નહિ

૩. ગધ્ધો પૂછે કાં સસલીબાઈ ક્યાં ભાગ્યાં

સ.૫ જાતિ બદલો.

સસલો, કૂતરો, શિયાળ, ઊંટ,
ઘોડો, હાથી, સિંહ, ગધેડો

સ.૬ નમૂના પ્રમાણે શબ્દ બનાવો

દા.ત. ભીનું-ભીનાશ.

| | |
|---|---|
| કાળું - | ભૂરું - |
| તીખું - | રાતું - |
| લીલું - | મીઠું - |

## ઉપક્રમ

★ 'પૂરકવાંચન'માં આપેલ કાવ્યની વિષયવસ્તુનો ઉપયોગ કરી વાર્તા લખો.

## ★ સસલીની જાત્રા ★

સસલીબાઈએ સૂણ્યું કથામાં : જાત્રા કરવી જોઈએ,
નાનાં મોટાં સૌએ એક વાર કાશી જાવું જોઈએ !
મનમાં વાળી ગાંઠ : હવે હું ઘરડી ડોશી થઈ,
જાત્રા વિના મરું તો કહેશે મૂરખી મરી ગઈ !
માટે હવે તો જાત્રા કરવી, કાશી-ગોકુળ ફરવું,
પછી બધાની આંખો સામે ઘેર મજાથી મરવું !
સસલીબાઈએ ભાથું બાંધ્યું, બચકી લીધી સાથે,
ઘરનો બોજો નાખ્યો સઘળો પડોશીઓના માથે:
"કપિરાજ તું રોજે મારી ગાય દોહી જાજે, ભૈયા
ને બિલ્લી, મારાં માખણ-ઘી સાચવજે તું મૈયા !
ચકલીબાઈ, તું મારાં મોંઘા રેશમી કપડાં જોજે,
મેલાં થાય તો તારી રૂડી ચાંચુડીથી ધોજે !
શિયાળ ભૈયા, ઘરનો વાડો તમને સોંપી જઉં છું.
મરઘાંબતકાં માંદાં પડે તો જોજો, એટલું કહું છું.
મધમાખી, આ ફૂલની વાડી તમને સોંપી આખી,
ભઈલા રીંછ, મધપૂડાનું મધ જોઈ લેજે ચાખી !
સૌને આવાં કામ સોંપીને, સસલી જાત્રાએ ગઈ,
પડોશીઓ કહે : વાહ રે, આ તો મઝા ઘણેરી થઈ !
બિલ્લી ચાટે ઘી ને માખણ, રીંછ મધપૂડા પાડે;
વાંદરો ગાયનાં દૂધડાં પીએ, ચકલી કપડાં ફાડે !
કબૂતરને ઘુવડની સાથે જામી પડી લડાઈ,
મધમાખીઓનું લશ્કર છૂટ્યું, રીંછ પર કરી ચડાઈ !
અહીંયા આવું ચાલે છે, ત્યાં સસલી તીરથ કરતી,
ગંગાજીમાં લોટી ભરીને મહાદેવજીને ધરતી !

પ્રયાગમાં ત્રિવેણી-સંગમ, પુરીમાં દરિયે નહાઈ,
મથુરા જમના-પાન કર્યું, ગોવિંદજીના ગુણ ગાઈ !
વૃંદાવનમાં આળોટી ને વ્રજમાં ઘેલી થઈ,
પગે ચાલીને બદરી-કેદાર સૌથી પહેલી ગઈ !
પછી મુખેથી કીધી પ્રતિજ્ઞા અંજલિમાં જળ લઈ:
''પ્રભુ, મારાં ધનમાલ બધું યે તમને દઉં છું દઈ !
છાપરા સાથે ઘર આખું, ને જે કંઈ હોય તે ધન,
આડોશીપડોશી બધુંયે દઈ દઉં, દઈ દઉં તન ને મન !
હાશ, હવે હળવીફૂલ થઈ હું; ચાલને ઘેરે જાઉં,
પીઉં ગંગાજળ, ખાઉં ચરણામૃત, હરિહરના ગુણ ગાઉં !''
પૂરી કરી જાત્રા ઘર આવી, માથે મોટો ભારો,
તુલસી, ચંદન, ચરણામૃત ને ગંગાજળનો ઝારો !
પણ ક્યાં છે ઘર ? ને ક્યાં છે વાડો ? ક્યાં છે મધ ને ઘી ?
અહીં તો ઈંટ રોડાંનો ઢગલો-ક્યાં છે ધન ને શ્રી ?
સસલી કહે : ''તું ખરો પ્રભુ, મેં દીધું કે લઈ તેં લીધું,
અને ગરીબ આ ડોશીને તે જાત્રાનું ફળ દીધું !
ધન્ય પ્રભુજી, ધન્ય પડોશી, ધન આ ઈંટ ને રોડાં,
હવે અહીં બંધાશે મારાં જાત્રા કેરાં ઘોડા !
અહે કાશી ને અહે મથુરા અહે પુરી ને ગંગા,
અહે મુકામ કરું રોડાંમાં, અહે રહો મન ચંગા !''
એમ કહી સસલીએ ભોંયે કામળો પાથરી દીધો,
પોટલામાંથી પરસાદ કાઢી સૌને બાંટી દીધો !
હરખી હરખીને એ બોલે : જાત્રા થઈ ગઈ ખાસ્સી !
પડોશીઓ કહે : વાહ રે માસી ! વાહ મથુરા-કાશી !

- રમણલાલ સોની

સફળતા મેળવવા નીડર બનો.

# લિંગ અને વચન

## લિંગ

| છોકરો | છોકરી | છોકરું |
|---|---|---|
| નરજાતિ (પુલિંગ) | નારીજાતિ (સ્ત્રીલિંગ) | નાન્યતરજાતિ (નપુંસકલિંગ) |
| નામને અંતે-ઓ | નામને અંતે-ઈ, -આ | નામને અંતે-ઉ, |
| ઘોડો, પંખો, નકશો | નદી, ચોપડી, માળા | પાટિયું, છાપરું |

## સ્વાધ્યાય

સ.૧ જાતિ ઓળખી વાક્યમાં વાપરો.

માથું, શહેર, કવિતા, માળી, ઓરડો, ભાભી

સ.૨ જાતિની જોડી બનાવો.

| અ | બ | | |
|---|---|---|---|
| ૧. પુરુષ | લેખિકા | ૪. સસલો | સસલી |
| ૨. મોર | સન્નારી | ૫. લેખક | નારી |
| ૩. નર | સ્ત્રી | ૬. સજ્જન | ઢેલ |

## નામનાં વચન

| એકવચન | બહુવચન |
|---|---|
| ઉદા. નકશો, ચોપડી, પાટિયું | ઉદા. નકશા, ચોપડીઓ, પાટિયાં |
| એકજ વસ્તુની વાત હોય | બે કે બેથી વધુ વસ્તુની વાત હોય |

સ.૧ એકવચનમાંથી બહુવચન અને બહુવચનમાંથી એકવચન કરો.

| | | | |
|---|---|---|---|
| દરવાજા - | ભાઈ - | તાળાંઓ - | ખુરશીઓ - |
| દોરડું - | માછલી - | તળાવો - | ઓરડો - |
| છત્રી - | કાગળો - | માટલું - | ઘરેણાં - |

સ.૨ નીચેનાં વાક્યો બહુવચનમાં ફેરવો.

૧. નવી ચોપડી મેજ ઉપર છે.


૨. ઘરનું બારણું બંધ કર.

૩. મારો કાગળ ફાઈલમાં મૂક.

# હિંદમાતાને સંબોધન

મણિશંકર ભટ્ટ 'કાન્ત' : સંખ્યાની દૃષ્ટિએ અલ્પ પણ ગુણવત્તાની દૃષ્ટિએ સમૃદ્ધ કાવ્યો રચનાર કવિ કાન્તનો જન્મ લાઠી નજીકનાં ગામમાં થયો હતો. આ કોમળ હૃદયના કવિએ જીવનમાં ઘણા આઘાતો સહન કર્યા હતા. 'વસંત વિજય', 'દેવયાની', 'ચક્રવાકમિથુન' તેમજ 'પૂર્વાલાપ' તેમનાં મુખ્ય કાવ્ય સંગ્રહો છે.

ઓ હિંદ ! દેવભૂમિ ! સંતાન સૌ તમારાં !
કરીએ મળીને વંદન ! સ્વીકારજો અમારાં !
હિંદુ અને મુસલમીન, વિશ્વાસી, પારસી, જિન
દેવી ! સમાન રીતે સંતાન સૌ તમારાં !
પોષો તમે સહુને, શુભ ખાનપાન બક્ષી:
સેવા કરે બને તે સંતાન સૌ તમારાં !
રોગી અને નિરોગી, નિર્ધન અને તવંગર,
જ્ઞાની અને નિરક્ષર: સંતાન સૌ તમારાં !



વાલ્મીકિ, વ્યાસ, નાનક, મીરાં, કબીર, તુલસી,
અકબર, શિવાજી, માતા ! સંતાન સૌ તમારાં !
સૌની સમાન માતા, સૌએ સમાન તેથી :
ના ઊંચનીચ કોઈ, સંતાન સૌ તમારાં !
ચાહો બધા પરસ્પર, સાહો બધા પરસ્પર
એ પ્રાર્થના કરે આ સંતાન સૌ તમારાં !

## શબ્દાર્થ

દેવભૂમિ-પવિત્ર ભૂમિ; વંદન-નમન; નિર્ધન-ગરીબ; તવંગર-પૈસાદાર, શ્રીમંત; નિરક્ષર-અભણ; સમાન-સરખા; ચાહવું-પ્રેમ કરવો; સાહો-એકબીજાને સહકાર આપવો; જિન-જૈન; વિશ્વાસી-ખ્રિસ્તી.

### સૂર..... કૃતિનો

કાવ્યમાં હિંદમાતાને નમન કરતાં દેશભક્તિની મહત્તા ખૂબ જ માર્મિક રીતે ગાવામાં આવી છે. ભારતની 'વિવિધતામાં એકતા' ની યથાર્થતા પણ દર્શાવાઈ છે. ભારતભૂમિ (હિંદમાતા) ને માટે દરેક સમાન છે. કોઈ ઊંચું-નીચું, ગરીબ-શ્રીમંત, સાક્ષર-નિરક્ષર નથી. તેમ જ ભારતભૂમિની મહાન વિભૂતિઓની મહત્તા ગાતા કોઈ પણ જાતના ભેદભાવ વગર પરસ્પર એકતા અને સમાનતાનો સંદેશ આ કાવ્યમાં અપાયો છે.

## સ્વાધ્યાય

સ.૧ એક વાક્યમાં જવાબ લખો.

૧. ભારતમાની ભૂમિને કેવી ભૂમિ કહી છે ?
૨. ભારતમાં ક્યા ક્યા ધર્મના લોકો રહે છે ?
૩. ભારતમાનાં સંતાનો પરસ્પર કેવી રીતે રહેવાની પ્રાર્થના કરે છે ?
૪. આ કાવ્યમાં ક્યા ક્યા સંતોની વાત કરી છે ?

સ.૨ ખાલી જગ્યા પૂરો.

૧. કરીએ મળીને .................. ! સ્વીકારજો અમારાં !

૨. પોષો તમે સહુને, શુભ .................. બક્ષી.

૩. રોગી અને .................., નિર્ધન અને .................. .

૪. ના .................. કોઈ, સંતાન સૌ તમારાં !

૫. ચાહો બધા પરસ્પર, .................. બધા પરસ્પર

સ.૩ કાવ્યપંક્તિ સમજાવો.

૧. પોષો તમે સહુને, શુભ ખાનપાન બક્ષી,
સેવા કરે બને તે, સંતાન સૌ તમારાં !

૨. ચાહો બધા પરસ્પર, સાહો બધા પરસ્પર
એ પ્રાર્થના કરે આ સંતાન સૌ તમારાં !

સ.૪ વિરોધી શબ્દ લખો.

સમાન, શુભ, રોગી, નિર્ધન, જ્ઞાની, નિરક્ષર, ઊંચ

સ.૫ 'અ' વિભાગને 'બ' વિભાગ સાથે જોડો.

| 'અ' | 'બ' |
|---|---|
| ૧. વાલ્મીકિ | ૧. કૃષ્ણભક્ત કવયિત્રી |
| ૨. વ્યાસ | ૨. સંત |
| ૩. ગુરુ નાનક | ૩. રામ ભક્ત |
| ૪. મીરાં | ૪. રાજા |
| ૫. કબીર | ૫. રામાયણ રચયિતા |
| ૬. તુલસી | ૬. મહાભારત રચયિતા |
| ૭. અકબર | ૭. શીખધર્મના સ્થાપક |

## ઉપક્રમ

★ આપણા ધર્મ અને ધર્મગ્રંથો વિશે જાણો.


| | |
|---|---|
| હિંદુધર્મ - રામાયણ/મહાભારત | જૈનધર્મ - આગમ |
| બૌદ્ધધર્મ - ત્રિપિટક | પારસીધર્મ - અવેસ્થા |
| ખ્રિસ્તીધર્મ - બાઈબલ | ઈસ્લામધર્મ - કુરાન |

★ 'મારો ભારત મહાન' વિશે તમારા શબ્દોમાં નિબંધ તૈયાર કરો.

************* પૂરકવાંચન *************

### ★ આ અમારો દેશ છે ★

આ અમારો, આ અમારો, આ અમારો દેશ છે.
ભારત અમારો, ભારત અમારો, ભારત અમારો દેશ છે.
મારો નહીં ને તારો નહીં
એનો નહીં પેલાનો નહીં
આપણા સૌનો, આપણા સૌનો, આપણા સૌનો દેશ છે...
રામ કૃષ્ણ આપણા,
બુદ્ધ મહંમદ આપણા,
ગાંધી જવાહર આપણા;
આ સંતોને પગલે ચાલે વિનોબાજી આપણાં



આ અમારો......

સીતા-તારામતી આપણાં,
લક્ષ્મી-મીરાં આપણાં,
કસ્તૂરબા છે આપણાં;
ભારતમાની સેવા કરતી, સૌ માતાઓ આપણી

આ અમારો......

એને માટે જીવશે કોણ ? એના માટે મરશે કોણ ?
આ બધું સાચવશે કોણ ?
એને માટે જીવનાનું છે, મરવાનું છે આપણે

આ અમારો......

# અમારા માધવકાકા

અમારા માધવકાકા આખા ગામમાં જાણીતા. કંઈ પણ કામ આવી પડે, તો તે તુરંત કહે : ''તમે બધાં ખસી જાઓ, મને તે કરવા દો !'' એક દિવસ મારા દાદાની છબી જડાઈને આવી, એટલે રાધાકાકીએ પૂછ્યું, ''આ છબીને ઊંચે કેવી રીતે ટિંગાવશું ?'' માધવકાકા તરત બોલી ઊઠ્યા, ''ઓહો, એમાં તે શું કરવાનું છે ? એ હું કરી લઈશ. તમારે તેની ચિંતા કરવી નહિ.''

એટલું બોલીને તેમણે કોટ ઉતાર્યો. પોતાના નવ-દસ વરસના દીકરા રમણને બોલાવ્યો અને કહ્યું : ''બેટા રમણ, જરા દોડ ને પાસે બજારમાંથી



ચાર આનાની ખીલીઓ લઈ આવ તો.'' ચાર આની લઈને રમણ ઊપડ્યો. તેને ગયે બે ત્રણ મિનિટ થઈ, અને તેમણે મનુને બોલાવીને કહ્યું, ''અરે ઓ મનુ, બેટા, જરા દોડ તો ! રમણને કહેતો આવ ને કે અરધા ઈંચની ખીલીઓ લાવે.

મનુ ગયો અને કાકાએ કામની શરૂઆત કરી. ''અરે, અહીં કોણ છે ? અરે, ઓ કનુ, પેલી ઓજારોની પેટીમાંથી મારી હથોડી લાવ તો ! અને બેટા શાંતા, કોઠારમાંથી કોઈ મને સ્ટૂલ આણી આપો તો ! સ્ટૂલ સાથે નિસરણી પણ કદાચ જોઈશે. જોને, બેટા નારણ, તું આપણા ગોવિંદકાકા પાસે જા; કહેજે કે, મારા બાપુએ તમારી તબિયતના ખબર પૂછવા મોકલ્યો છે અને પછી એની નિસરણી માગજે. જા, જલદી દોડ ! ... અને ઓ સુશીલા, તું અહીં જ રહેજે; જોજે, કંઈ બહાર જતી ! તારે મને દીવો ધરવો પડશે. આ ભીંત ઉપર બહુ અંધારું પડે છે.''

એટલામાં રમણ ખીલીઓ લઈને આવ્યો. તેને માધવકાકાએ કહ્યું, ''બેટા, જરા બજારમાં ફરી દોડને ! સૂતરની મજબૂત દોરી લાવવી પડશે... અરે, પેલો કનીયો ક્યાં જતો રહ્યો ? આ હમણાં મને નિસરણી ઉપર છબી કોણ આપશે ? એક જણ તો છબી આપવા જોઈશે ને ?''

આ બધી ધમાલ પછી ખીલી, હથોડી, નિસરણી સ્ટૂલ, દોરી બધું આવ્યું અને માધવકાકાએ છબી ટિંગાડવાનું મહાભારત કામ આરંભ્યું. બધાં આજુબાજુ વીંટળાઈ આવ્યાં. એક જણે નિસરણી પકડી રાખી, અને કાકા ઉપર ચડ્યા. કનુએ કાકાના હાથમાં છબી આપી, અને એ ભીંત ઉપર કેવી મજાની શોભશે એમ વિચારતા હતા, એટલામાં તો તેમના હાથમાંથી એ પડી ગઈ અને તેનો કાચ ભાંગી ગયો. એક પણ શબ્દ બોલ્યા વિના માધવકાકા નીચે ઊતર્યા. પણ કાચના એક મોટા ટુકડાને કાઢવા જતાં આંગળી કાપી બેઠા.

ભગભગ લોહી નીકળવા લાગ્યું. લોહી, અને તેમાંયે પોતાનું લોહી, જોઈ કાકાને ચક્કર આવવા જેવું થયું. આંગળીએ પાટો બાંધતાં અર્ધો કલાક ગયો. નવો કાચ મંગાવ્યો અને તે આવતાં બીજો અરધો કલાક થયો. માધવકાકાએ ફરીથી આ મહાન કામનો આરંભ કર્યો. નિસરણી, સ્ટૂલ અને ઓજારો ફાનસ અને ફૂટપટ્ટી – બધાં સાધનો તૈયાર કર્યાં. બે જણાએ નિસરણી પકડી રાખી, અને કાકા પગથિયાં ચઢવા લાગ્યા. એટલે ત્રીજાએ તેમને ટેકો આપવા માંડ્યો. ચોથાએ તેમને ખીલી આપી. પાંચમાએ હથોડી આપી અને છઠ્ઠાએ ફાનસ રાખ્યું. પણ એટલામાં તો કાકાના હાથમાંથી ખીલી પડી ગઈ. બેત્રણ જણા ખીલી શોધવા લાગ્યા. તેમાં જરા વાર થઈ, એટલે માધવકાકા ઉપરથી તાડૂકવા લાગ્યા: ''તમે લોકોએ આ શું ધાર્યું છે ? શું મને આખો દિવસ આમ ઊભો રાખવો છે ? એક ખીલી શોધતાં કેટલી વાર ?'' કાકાએ સપાટો લગાવ્યો, એટલે બધાં ઊલટાં ગભરાયાં.

છેવટે ખીલી જડી. કાકાએ તે હાથમાં લીધી – ત્યાં તો હથોડી ન મળે ! એટલે માધવકાકાનો મિજાજ ફરી ગયો: ''આટલાં સાત-આઠ જણાં અહીં છે, અને મેં હથોડી ક્યાં મૂકી દીધી એટલુંય તમને કોઈને ભાન ન રહ્યું ? તમારાથી તો તોબા !'' છેવટે નિસરણીના પગ પાસેથી તે મળી આવી. કાકાએ તે હાથમાં લીધી. પણ ત્યાં તો, ખીલી ક્યાં લગાવવી તે માટે દીવાલ ઉપર કરેલી નિશાની કાકા ભૂલી ગયા. ફાનસના પ્રકાશમાં તે ધારીધારીને જોવા લાગ્યા, પણ નિશાની દેખાય જ નહિ. પછી અમે કહ્યું કે, ''કાકા, તમે નીચે ઊતરો, અમે તે શોધી કાઢશું.''

એક પછી એક અમે તે શોધવા લાગ્યા. દરેક જણ જુદીજુદી જગાએ તે બતાવવા લાગ્યું. એટલે માધવકાકા ફરીથી ગર્જી ઊઠ્યા: ''તમે બધા તે કેવા અણઘડ આદમી છો ! તમને ન જડે ખીલી, ન જડે હથોડી, કે ન જડે ભીંત ઉપરની નિશાની. ચાલો, ઊતરો નીચે ! તમે જિંદગીમાં શું

કરવાનાં છો ?''

જેમતેમ કરીને નવેસરથી નિશાની કરી, પછી કાકા કહે, ''ચાલ મનુ, લાવ પેલી ખીલી ને હથોડી.'' નિશાની ઉપર ખીલી મૂકી કાકાએ હથોડીનો જેવો ફટકો માર્યો, કે ખીલી આડી થઈ ગઈ અને આજુબાજુનું પ્લાસ્ટર ઊખડી ગયું તે જોઈ કાકા બૂમ મારી ઊઠ્યા : ''કેવું હલકું પ્લાસ્ટર માર્યું છે ! આવા કડિયાને તે કોણે રોક્યો હશે ? ચાલ કનુ, બીજી ખીલી લાવ. પણ હવે તો નિશાનીથી જરાક નીચે લગાવવી પડશે.''

હવે કાકાએ ધીમેધીમે ખીલી ઠોકી. તે બરાબર ઠોકાઈ ગઈ. આમ ત્રણ-ચાર કલાકની ધમાલને અંતે કાકાએ છબી ભીંત ઉપર લટકાવી. અમારા બધા તરફ ગર્વથી જોતાં જોતાં તે નીચે ઊતર્યા અને કહેવા લાગ્યા, ''કેમ, લટકાવી આપીને છબી ! આ તમારા માધવકાકા કંઈ જેવાતેવા છે ?''

## શબ્દાર્થ

ખસી જવું - દૂર જવું; જડાવવું-સજ્જડ બેસાડવું; ટિંગાડવું-લટકાવવું; ઈંચિયા-ઈંચની; ઓજાર-કામ કરવા માટેનું સાધન; નિસરણી-સીડી; દીવો ધરવો-પ્રકાશ બતાવવો; ધમાલ-ધાંધલ, ધમાચકડી; આરંભવું-શરૂ કરવું; ભાંગી જવું-તૂટી જવું; ભગભગ-જોરથી; ટેકો-આધાર; તાડૂકવું-જોરથી બોલવું; સપાટો લગાવવો-જોરથી અને જલ્દીથી કામ કરવું; જડવું-મળવું; મિજાજ જવો-કાબૂ ગુમાવવો; ધારીધારીને જોવું-ધ્યાનથી જોવું; અણઘડ-કેળવાયા વગરનું; ઊખડી જવું-નીકળી જવું; નવેસરથી-ફરીથી

### સૂર..... કૃતિનો

કટાક્ષયુક્ત હાસ્ય નીપજાવતી પ્રસ્તુત કૃતિમાં માધવકાકાનું ચરિત્રચિત્રણ આલેખાયેલું છે. માધવકાકાનો સ્વભાવ દરેકનાં કામ કરી

આપવાનો છે. પણ હા, એક છબી લટકાવવા જેવા નાના કામમાં પણ તેમને અનેક માણસોની જરૂર પડે છે. પાંચ-દસ મિનિટના કામમાં ત્રણ-ચાર કલાક લગાડી. અનેકની મદદ લઈ, કાચનો વધારાનો ખર્ચ કરી અનેકવાર મિજાજ ગુમાવ્યો. અને છતાં છબી લટકાવાઈ ગઈ પછી પોતાની જાતને જ જશ આપવા લાગ્યા. અને પોતાના વખાણ કરવા લાગ્યા. આપણા સમાજમાં-આપણી આસપાસ આવા અનેક માધવકાકાઓ આપણી નજરે ચડે છે.

## સ્વાધ્યાય

સ.૧ એક વાક્યમાં જવાબ લખો.

૧. રાધાકાકીને કોની છબી ટિંગાડવી હતી ?

૨. માધવકાકાએ રમણને શું લેવા બજારમાં મોકલ્યો ?

૩. નારણ ગોવિંદકાકા પાસે શું લેવા ગયો ?

૪. છબી ટિંગાડવા માધવકાકાએ કઈ કઈ વસ્તુ ભેગી કરી ?

૫. ભીંત ઉપર છબી લટકાવવામાં માધવકાકાને કેટલા કલાક લાગ્યા ?

સ.૨ મુદ્દાસર જવાબ લખો.

૧. છબી ટિંગાડવા માધવકાકાએ કોને કોને કામે લગાડ્યા ?

૨. માધવકાકાએ નવો કાચ શા માટે મંગાવ્યો ?

૩. માધવકાકાએ ક્યારે ક્યારે કોની ઉપર મિજાજ ગુમાવ્યો ?

૪. માધવકાકાનું પાત્રાલેખન કરો.

સ.૩ કોણ બોલે છે ? કોને કહે છે ? ક્યારે ?

૧. ''આ છબીને ઊંચે કેવી રીતે ટિંગાવશું ?''

૨. ''તારે મને દીવો ધરવો પડશે.''

૩. ''કેમ લટકાવી આપી ને છબી !''

સ.૪ (અ) વિરોધી શબ્દ લખો.

જાણીતું, અરધું, અંધારું, ઊલટું, હલકું

(બ) સમાનાર્થી શબ્દ લખો.

કોઠાર, લોહી, આરંભ, ધમાલ, ટેકો, નિસરણી

સ.૫ રૂઢિપ્રયોગોનો અર્થ લખી વાક્યમાં પ્રયોગ કરો.

મિજાજ જવો, સપાટો લગાવવો, દીવો ધરવો.

## ઉપક્રમ

★ માધવકાકા જેવી કોઈ વ્યક્તિ તમારાં ઘરમાં કે પડોશમાં છે ? તેમનાં જેવા કોઈ તમારા સંબંધી છે ? યાદ કરી તેમનો કોઈ પ્રસંગ મિત્રોને કહો.

## પૂરકવાંચન

### ★ બનાવટી ★

પિકાસોના નામે એક કિસ્સો ચડેલો છે. ચિત્રોની દલાલી કરતા એક વેપારીએ પિકાસોની સહીવાળું પેઈન્ટિંગ તેને બતાવી પૂછ્યું: ''આ ચિત્ર તમે બનાવેલું છે ?''

''ના આ બનાવટી છે.'' પિકાસોએ જણાવ્યું. આવું ત્રણેક વખત બન્યું. વળી એક ચિત્ર બતાવતાં દલાલે પિકાસોને પ્રશ્ન કર્યો:

''આ ચિત્ર તો તમારું દોરેલું જ છે ને ?''

''ના જી, બનાવટી છે...'' પિકાસોએ કહ્યું.

''પણ એકવાર મેં પોતે તમને આ ચિત્ર પર કામ કરતા જોયા હતા...'' દલાલ બોલ્યો.

''જોયો હશે... ક્યારેક ક્યારેક હું બનાવટી ચિત્રો પણ દોરું છું.'' પિકાસોએ ખુલાસો કર્યો. કહેવાનો ભાવાર્થ એટલો જ કે, ક્યારેક હું બનાવટી ચિત્રો પણ દોરું છું. જે મારી-પિકાસોની અસલ કળા સુધી પહોંચી શકતા નથી.

- વિનોદ ભટ્ટ

**હૈયું બાળવા કરતાં હાથ બાળવા સારા**

## જોડણીમાં ભૂલ કરવાથી થતો અર્થનો ફેરફાર

| | |
|---|---|
| ★ આકરું - કઠણ | આકળું - અધીરું |
| ★ આર - કાંજી | આંળ - આરોપ, તહોમત |
| ★ આરસ - સંગેમરમર | આળસ - એદીપણું |
| ★ ઈનામ - બક્ષિસ | ઈમાન - પ્રામાણિકતા |
| ★ ઉપહાર - ભેટ | ઉપાહાર - નાસ્તો |
| ★ કેશ - વાળ | કેસ - મુકદમો |
| ★ ગુણ - મૂળ લક્ષણ | ગૂણ - થેલો, કોથળો |
| ★ ગ્રહ - પૃથ્વી, શુક્ર વગેરે | ગૃહ - ઘર |
| ★ ચિર - લાંબા વખત સુધી | ચીર - રેશમી વસ્ત્ર |
| ★ જુવાર - જાર | જુવાળ - ભરતી |
| ★ ડિલ - શરીર | દિલ - મન, હૃદય |
| ★ તારીખ - મહિનાનો એક દિવસ | તવારીખ - ઇતિહાસ |
| ★ દોશી - કાપડ વેચનાર વેપારી | દોષી - અપરાધી |
| ★ દ્વિપ - હાથી | દ્વીપ - બેટ |
| ★ પરિણામ - ફળ, નતીજો | પરિમાણ - માપ |
| ★ પાણિ - હાથ | પાણી - જળ |
| ★ પુર - શહેર | પૂર - નદીમાં આવતી રેલ |
| ★ પ્રણામ - નમસ્કાર | પ્રમાણ - માપ, સાબિતી |
| ★ પ્રસાદ - કૃપા, પ્રસન્નતા | પ્રાસાદ - મહેલ |
| ★ ભવન - મકાન | ભુવન - જગત |
| ★ મેશ - કાજળ | મેષ - ઘેટું, એક રાશિ |
| ★ સ્વાગત - આવકાર | સ્વગત - પોતાના જ મનમાં |

# શેરીએ આવે સાદ

રાજેન્દ્ર શાહ : ઈ. સ. ૧૯૧૩ માં જન્મેલા 'જ્ઞાનપીઠ એવોર્ડ'થી સન્માનિત આ કવિ કપડવંજના વતની છે. લયની મીઠાશ અને ભાષાની સરળતા તેમનાં કાવ્યોમાં માણવા મળે છે. તો ભાવની તીવ્રતા સચોટ રીતે વ્યક્ત કરતાં તેમનાં કાવ્યો આપણા હૃદયને પુલકિત કરી દે છે. તેમનાં બધાં કાવ્યો 'સંકલિત કવિતા' નામના ગ્રંથમાં સંગ્રહીત થયેલા છે.



કુંજમાં કોયલ બોલતી એનો શેરીએ આવે સાદ,
હાલ્ય આંબાવાડિયે, હજી પોરની તાજી યાદ
પાંદડુયે નહિ પેખીએ એવો
ઝૂલતો એનો મોર,
કોઈને મોટા મરવા અને,
કોઈને છે અંકોર
ડોલતી ડાળી ઘૂમીએ આપણ ગજવી ઘેરો નાદ,
કુંજમાં કોયલ બોલતી એનો શેરીએ આવે સાદ




ઘરનું નાનું આંગણું,
ગમે મોકળું મોટું વન
કોઈનોયે રંજાડ નહિ ને
ખેલવા મળે દન
હાલીએ ભેરું, કાયર જે કોઈ હોય તે રહે બાદ,
કુંજમાં કોયલ બોલતી એનો શેરીએ આવે સાદ

## શબ્દાર્થ

કુંજ-ઝાડનાં પાંદડાંથી થયેલી ઘટા; સાદ-અવાજ, સૂર, બૂમ; પોર-ગયું વર્ષ; પેખવું-જોવું, દેખવું; મરવો-નાની કાચી કેરી; અંકોર-અંકુર; મોકળું-ખુલ્લું, જગ્યાની છૂટવાળું; રંજાડવું-પજવવું, કનડગત કરવી; દન-દિવસ, દિન, દિ; ભેરુ-દોસ્ત, મિત્ર, ભાઈબંધ; કાયર-ડરપોક, બીકણ; બાદ-રમતમાંથી બાકાત રહે તે, આઉટ.

### સૂર..... કૃતિનો

પ્રસ્તુત પ્રકૃતિકાવ્યમાં કુદરતનો મહિમા અને તેના આકર્ષણનું સુંદર વર્ણન કરવામાં આવ્યું છે. વનમાં કુંજતી કોયલનો ટહુકો શેરીમાં સંભળાય છે તે ટહુકાનું આકર્ષણ એટલું બધું છે કે તે સાંભળીને કવિને વનમાં જવાની પ્રેરણા થાય છે. મોકળા વનમાં રમવાનો આનંદ કંઈ ઓર જ હોય છે. તેવો ભાવ આ કાવ્યમાં રજૂ થાય છે.

## સ્વાધ્યાય

સ.૧ એક વાક્યમાં જવાબ લખો.

૧. કોયલ ક્યાં બોલે છે ?

૨. કોયલનો અવાજ ક્યાં સંભળાય છે ?

૩. આંગણું કેવું છે ?

સ.૨ ટૂંકમાં જવાબ લખો.

૧. શેરી છોડી ક્યાં જવા કહે છે ? શા માટે ?

૨. આંબાની ડાળીએ શું શું જોવા મળે છે ?

૩. કવિને ઘરઆંગણા કરતાં વન શા માટે ગમે છે ?

૪. કવિ 'કોણ બાદ રહેશે' એમ કહે છે ? શા માટે ?

સ.૩ 'અ' વિભાગમાં કેટલાક મુદ્દા આપ્યા છે અને 'બ' વિભાગમાં કેટલીક પંક્તિઓ આપી છે. જે પંક્તિમાં જે મુદ્દો રજૂ થયો હોય તે પંક્તિનો ક્રમ મુદ્દાની આગળ આપેલા ચોરસમાં લખો.

| 'અ' વિભાગ<br>મુદ્દો | 'બ' વિભાગ<br>પંક્તિ |
|---|---|
| ☐ ખેલવા મોકળાશ જોઈએ છે. | ૧. એનો શેરીએ આવે સાદ. |
| ☐ આંગણે ભરાઈ રહે તે કાયર કહેવાય | ૨. હજી પોરની તાજી યાદ. |
| ☐ નમી પડેલી ડાળે રમવાની વાત | ૩. ડોલતી ડાળે ઘૂમીએ. |
| ☐ ગઈ સાલ તો ખૂબ ઘૂમ્યા હતા | ૪. ગમે મોકળું મોટું વન |
| ☐ એનો પડઘાતો ટહુકો શેરીમાં આવી સાદ કરી જાય છે. | ૫. કાયર જે કોઈ હોય તે રહે બાદ. |

સ.૪ કાવ્યને આધારે નામ-વિશેષણની યોગ્ય જોડી બનાવો.

| વિશેષણ | નામ |
|---|---|
| ૧. તાજી | આંગણું |
| ૨. મોટા | વન |
| ૩. ડોલતી | યાદ |
| ૪. નાનું | મરવા |
| ૫. મોકળું | ડાળી |

## ઉપક્રમ

★ કોયલ વિશે માહિતી એકઠી કરો.

★ તમારાં વડીલોને તેમનાં બાળપણ વિશે પૂછો અને તેને તમારાં શબ્દોમાં કાવ્ય કે નિબંધ સ્વરૂપે લખો.

## પૂરકવાંચન

### ★ ચાલ મજાની આંબાવાડી ★

સાવ અમસ્તું નાહક નાહક નિષ્ફળ નિષ્ફળ રમીએ,
ચાલ મજાની આંબાવાડી ! આવળ બાવળ રમીએ.
બાળસહજ હોડી જેવું કંઈ કાગળ કાગળ રમીએ,
પાછળ વહેતું આવે જીવન, આગળ આગળ રમીએ.
માંદા મનને દઈએ મોટું માદળિયું પહેરાવી,
બાધાને પણ બાધ ન આવે, શ્રીફળ શ્રીફળ રમીએ.
તરસ ભલેને જાય તણાતી શ્રાવણની હેલીમાં,
છળના રણમાં છાનામાના મૃગજળ મૃગજળ રમીએ.
હોય હકીકત હતભાગી તો સંઘરીએ સ્વપ્નાંઓ,
પ્રારબ્ધિ પથ્થરની સાથે પોકળ પોકળ રમીએ.
ફરફર ઊડતું રાખી પવન સરીખું પહેરણ,
મર્મર સરખા ઓવારે ખળખળ ખળખળ રમીએ.
હુંય 'ગની' નીકળ્યો છું લઈને આખે આખો સૂરજ
અડધી અડધી રાત મળે તો ઝાકળ ઝાકળ રમીએ.

– 'ગની' દહીંવાલા

બાળપણ પ્રકૃતિની સૌથી નજીકનો સુખદ તબક્કો છે.

# સર્વનામ

**પુરુષવાચક સર્વનામ**
(બોલનાર, સાંભળનાર અને તે સિવાયની વ્યક્તિ માટે વપરાય)
હું - અમે, આપણે; તું - તમે; તે - તેઓ

**પ્રશ્નવાચક સર્વનામ**
(પ્રશ્ન પૂછવા વપરાય)
શું, કોણ, ક્યાં

**સાપેક્ષ સર્વનામ**
(એકબીજાની અપેક્ષામાં આવે)
જે ... તે; જેને ... તેને

**સર્વનામ**

**અનિશ્ચયવાચક સર્વનામ**
(અનિશ્ચિત વ્યક્તિ કે પદાર્થ)
દર્શાવવા વપરાય
કોઈક, કંઈ, કશું, કાંઈ

**દર્શક સર્વનામ**
(કશુંક દર્શાવવા વપરાય)
આ, તે, પેલું

**સ્વવાચક સર્વનામ**
(વ્યક્તિને પોતાને દર્શાવવા
માટે વપરાય)
જાતે, ખુદ, પોતે, પંડે

## સ્વાધ્યાય

સર્વનામ ઓળખી તેના પ્રકાર જણાવો.


૧. તમે શું આપશો ?
૨. આ તો માલ કાઢી આપવાનું કહે છે.
૩. તેણે ઊંટ વિશે જે કહ્યું તે સાચું હતું.
૪. ભગવાન તમારું ભલું કરશે.
૫. તેણે મૂર્તિ પાસે બેસી જાતે બાણવિદ્યા શીખી.
૬. અમે રજામાં દિલ્હી ફરવા જઈશું.
૭. તારે કાંઈ જ બોલવાનું નથી.
૮. જેને માનવું જ નથી તેને કહીને શું ફાયદો ?
૯. પેલી પેન ક્યાં મૂકી છે ?

# આપણા મલકમાં

જયંતિલાલ દવે : આ કવિનો જન્મ ૧૯૩૨માં ગુજરાતમાં થયો છે. પ્રકૃતિને ગીતોમાં વણી લઈ તેમણે કાવ્યો રચ્યા છે. જેનો પરિચય પ્રસ્તુત કાવ્યમાં સારી રીતે મળે છે.



આપણા મલકમાં માયાળુ માનવી,
માયા મેલીને જાવું, મારા ભાઈબંધ !
આપણા મલકમાં ગરવો ગિરનાર છે,
દેરે દેરે દેવ બેઠા, મારા ભાઈબંધ !
આપણા મલકમાં રતનાગર સાગર,
ખારવા સમંદર ખેડે, મારા ભાઈબંધ !
આપણા મલકમાં આંબાનાં ઝાડવાં,
કેરીમાં કેસર ઘોળ્યાં મારા ભાઈબંધ !



આપણા મલકમાં પાણિયાળાં ઘોડલાં,
    અસવાર હાલાજી હોય, મારા ભાઈબંધ !
આપણા મલકમાં પંખીરાજ મોરલો,
    પીંછડે ટાંક્યા હીરા, મારા ભાઈબંધ !
આપણા મલકમાં ગામેગામ ખાંભિયું,
    મરી જાણ્યું મુછાળે, મારા ભાઈબંધ !
આપણા મલકમાં રાસ્યુંની રમઝટ,
    જોબનનાં નીર જાય હેલે, મારા ભાઈબંધ !





## શબ્દાર્થ

મલક-દેશ; માયાળુ-પ્રેમાળ, સ્નેહાળ; માથું મેલવું-જીવની પરવા કર્યા વગર સાહસ કરવું; ગરવું-મહાન; દેરું-નાનું મંદિર; રતનાગર-રત્નાકર, સમુદ્ર; ખારવો-ખલાસી; પાણિયાળું-પાણીદાર; અસવાર-ઘોડા

કે હાથી ઉપર બેસનાર; હાલાજી-ઇતિહાસમાં પ્રસિદ્ધ વીર યોદ્ધો; ખાંભિયું-મૃત્યુ પામેલી વ્યક્તિનો સ્મરણ થાંભલો, પાળિયો (વધુ માહિતી માટે પૂરકવાંચન જુઓ ); જોબન-જુવાની

## સૂર..... કૃતિનો

પ્રસ્તુત કાવ્યમાં ગુજરાતમાં આવેલા સૌરાષ્ટ્ર (કાઠિયાવાડ) પ્રત્યેનો કવિનો વતન પ્રેમ રજૂ થયો છે.

સૌરાષ્ટ્રની ભૌગોલિક, પ્રાકૃતિક તેમજ સાંસ્કૃતિક વિશેષતાનું અહીં સુંદર રીતે વર્ણન કરવામાં આવ્યું છે. ખૂબ જ કલાત્મકતાથી અહીં સૌરાષ્ટ્રનાં કુદરતી તત્ત્વોનું વર્ણન કરવામાં આવ્યું છે.

## સ્વાધ્યાય

સ.૧ એક વાક્યમાં જવાબ લખો.

૧. આપણા મલકના માનવી કેવા છે ?
૨. કાવ્યમાં ક્યા પર્વતનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે ?
૩. સૌરાષ્ટ્રની કઈ કેરી પ્રસિદ્ધ છે ?
૪. ક્યા પંખીનાં પીંછાંમાં હીરાની ભાત હોય છે ?
૫. સૌરાષ્ટ્રના ઘોડા કેવા છે ?

સ.૨ ટૂંકમાં જવાબ લખો.

૧. કાવ્યના આધારે કુદરતી વસ્તુઓનો ઉલ્લેખ વર્ણવો.
૨. સમુદ્રને શા માટે રત્નાકર સાગર કહ્યો છે ?
૩. સૌરાષ્ટ્રની વિશેષતા કાવ્યને આધારે વર્ણવો.

સ.૩ કાવ્યપંક્તિ સમજાવો.

૧. આપણા મલકમાં પાણિયાળાં ઘોડલાં,
અસવાર હાલાજી હોય, મારા ભાઈબંધ.
૨. આપણા મલકમાં ગામેગામ ખાંભિયું,
મરી જાણ્યું મુછાળે, મારા ભાઈબંધ.

સ.૪ વિશેષણ અને નામની યોગ્ય જોડી બનાવો.

| વિશેષણ | નામ |
|---|---|
| ૧. માયાળુ | સાગર |
| ૨. પાણિયાળાં | માનવી |
| ૩. ગરવો | ઘોડલાં |
| ૪. રત્નાગર | ગિરનાર |

સ.૫ ઉદાહરણ પ્રમાણે નામને '-ળું' પ્રત્યય લગાવી વિશેષણ બનાવો અને તે વિશેષણનો વાક્યમાં ઉપયોગ કરો.

ઉદા. માયા - માયાળુ

વાક્ય - માયાળુ માનવી બધા પર માયા રાખે છે.

યાત્રા, ઝઘડા, દયા, કૃપા, ખરચ, ગરજ, કષ્ટ

## ઉપક્રમ

★ 'હાલાજી તારાં હાથ વખાણું કે પટ્ટી તારાં પગલાં વખાણું' ગીત સાંભળો.

## પૂરક વાંચન

### ★ પથ્થરોમાં છૂપાયેલી ભવ્ય તવારીખ ★

ગામના ગોંદરે-સીમાડામાં ત્રણથી ચાર ફૂટ ઊંચા કાળમીંઢ પથ્થરના પાળિયા વિસરાતી જતી ભવ્ય તવારીખને આલેખે છે. પાળિયામાંનાં પ્રતીકો ઇતિહાસના દસ્તાવેજ છે. પાળિયામાં ચંદ્ર-સૂર્યનું પ્રતીક કહે છે કે આકાશમાં ચાંદ-સૂરજ રહેશે ત્યાં સુધી રણબંકાઓની કીર્તિ અજરાઅમર રહેશે.

ટાઢ, તાપ, વરસાદની થપ્પડ ખાઈને પણ આ પાળિયા આજે અડીખમ ઊભા છે. જેમાં ઘોડેસ્વાર, ઢાલ-ભાલા-તલવારધારી સૈનિક, ગાય, પંજા, ચંદ્ર, સૂરજ, સાંઢણીના અસવાર અને ઢોલી વગેરે કોતરાયેલા હોય છે. વીરગતિ પામેલા શહીદ ચંદ્રવંશી હતા એવું સૂચવતા બીજનો આકાર કોતર્યો હોય તેવા પાળિયા પણ જોવા મળે છે. ઇતિહાસ આદિકાળની અનિશ્ચિતતા અને પૂર્વજની પૂજામાંથી પાળિયાની પ્રથા પ્રચલિત થઈ હતી એમ દર્શાવે છે. પ્રશાંત મહાસાગરના ઈસ્ટર આયલેન્ડમાં માનવ ચહેરાની આકૃતિ ધરાવતા મહાકાય પાળિયા મળ્યા હતા જે ત્યાં વસતા લોકોના પૂર્વજોના છે એમ મનાય છે. પેરૂની પ્રાચીન સંસ્કૃતિના

ખંડેરોમાં પાળિયા મળી આવ્યા હતા. પ્રાગૈતિહાસિક કાળથી પાળિયાની પ્રથા હતી. પ્રાચીનકાળના ભારતના રાજા-મહારાજાઓ શિલાલેખ કોતરાવતા જેમાંથી પાળિયા પ્રથાનો જન્મ થયો હોય તેવી એક માન્યતા છે. યુરોપમાં પણ યહૂદી પ્રજામાં પાળિયા જેવી પ્રથા હતી. પથ્થરમાં આકૃતિ-લિપિ કોતરાવીને કબ્રસ્તાનમાં મૂકતા. પોલેન્ડમાં આ પ્રકારના ખાંભી-પાળિયા મળી આવ્યા હતા. હંગેરીમં પણ પાળિયા જોવા મળે છે. મુસ્લિમ કબ્રસ્તાનોમાં પણ પાળિયા આકારના એરેબિક લિપિમાં કોતરાયેલા પથ્થર મળી આવે છે.

ગુજરાતનાં કચ્છ-સૌરાષ્ટ્રમાં ઘણી જગાએ દિવંગત રાજાઓ, શૂરવીર રણબંકા-નરવીરોના પાળિયાઓ જોવા મળે છે. ભુજ તાલુકામાં ધ્રંગ ગામે પાળિયા છે. લાખોદ ગામની સીમમાં સૂર્ય-ચંદ્ર-ગાય અને ગદર્ભના પ્રતીકવાળો પાળિયો નોંધપાત્ર છે.

પાંડવોના ઇતિહાસ સાથે સંબંધ હોવાનું મનાય છે એવા ગેડી પાસે રથ આકૃતિવાળો પાળિયો છે. રવની ગૌશાળામાં પાળિયો છે. રવગામ પાસે ગુજરાતના રાજા અર્જુનદેવના પુત્ર માલદેવે વાવ બંધાવેલી તેનો પાળિયો છે. જે સંવત ૧૩૨૮નો હોવાનું કહેવાય છે.

નખત્રાણા તાલુકાના ઝાલુ ગામની સીમમાં મહારાવ શ્રી ખેંગારજી પહેલાનો યુવરાજ બહારવટિયાઓ સામે લડતાં વીરગતિ પામ્યા તેનો પાળિયો છે. અબડાસા તાલુકામાં બારા-તેરા વચ્ચે જામ હમીરજીની છતરડીમાં પાળિયા છે. મુંદ્રા તાલુકાના છસરા ગામે છ ભાઈઓના લોહીની છ સેર ભેગી થઈ હતી એવી લોકકથા આલેખતા છ પાળિયા છે. શેખડિયા ગામે ચારણમાતા પુનસરીનો પાળિયો છે. ધીંગાણામાં શહીદ થયેલા ચાર વીરનરોના ચાર પાળિયા આજે પણ ઊભા છે.

સાભરાઈમાં પાળિયાનો ખાસ મઠ છે. ભુજમાં લખપતજીની દુર્લભ અને અનન્ય છતરડીના પાળિયા સંશોધનનો વિષય છે.

ઇતિહાસનો દસ્તાવેજ ગણાતા પાળિયા કાળની થપાટે વિલીન થયા છે. તેમ લોકોની બેદરકારીના પણ ભોગ બન્યા છે. ઘણા વિસ્તારોમાં પાળિયા ઉઠાવી જઈ ભીંતમાં ચણી દેવાયા છે. પાળિયાઓ તોડીફોડીને તેના પથ્થર લઈ જવાયા છે. આમ પાળિયા લુપ્તપ્રાય બને તે પૂર્વે જે પાળિયા બચ્યા છે તેની જાણવણી કરવી જરૂરી છે.

- શ્રી હેમરાજ શાહ

વતનને પ્રેમ ન કરનાર કોઈનેય સાચો પ્રેમ કરી શકતો નથી.

# વાડીમાં થયો ઝઘડો



રામપુરા ગામ છે. ગામમાં પશાભાઈની વાડી. વાડીમાં અનેક નાનાં-મોટાં ઝાડ. ઘટાદાર આંબો, લીલોછમ લીમડો અને રાયણ છે.

પશાભાઈ સવારથી કામ કરતા હતા. બપોરે એમનાં બા ભાથું લઈ આવ્યા. પશાભાઈ તો જમીને ઊંઘી ગયા. પણ બા ઝાડના છાંયે બેસી આરામ કરી રહ્યાં છે. ત્યાંજ ઝાડમાંથી અવાજ આવવા લાગ્યો.

આંબો : ''અલ્યા લીમડા ? તું તો ખાઈપીને લહેર જ કરતો લાગે છે. ન કોઈને છાંયો આપવાનો; ના કોઈને ફળ આપવાનાં.''

લીમડો : (ગુસ્સામાં) ''તને મારા કામની શી ખબર પડે ? છાંયો તો હું પણ આપું છું. પણ સાથે સાથે ચોખ્ખી હવા પણ આપું છું.''

આંબો : ''પણ મારા જેવી સરસ મીઠી કેરી આપી શકે છે ? તારી લિંબોળી તો નાની અમથી ને કડવી કડવી; એને કોઈ ખાય નહિ.''

લીમડો : ''મારી પાકી લીંબોળી કોઈને ન ભાવે તો કંઈ નહિ. પંખીઓ તો ખાઈને પેટ ભરે છે ને ! નાના છોકરાઓ મજાથી એનાથી રમતા હોય છે.''

આંબો : ''મારી કાચી કેરી પણ બધા લઈ જાય અથાણું બનાવે. પરદેશ મોકલે અને પાકી કેરી માટે તો બધાં પડાપડી કરે. કેરીને તો બધાં ફળોનો રાજા કહે છે ! કોઈના ઘરમાં લગ્ન કે પૂજા જેવા પ્રસંગ હોય તો મારાં પાંદડાં લઈ જાય છે અને ઘર શોભાવે છે.''

લીમડો : ''મારા પાંદડાં કાંઈ શોભા માટે નથી. એનો રસ પીએ તો તાવ આવે નહિ. ચૈત્ર મહિનાની લૂ લાગે નહિ. આંખ લાલ થાય અને બળે ત્યારે બે ત્રણ ટીપાં નાખો એટલે ઠંડક થાય.''

''સાંજે પશાભાઈ, પાંદડાં લઈ જઈને ધુમાડો કરે એટલે મચ્છર અને જીવાત ભાગી જાય. મારા શરીર પર કોઈ દી જીવાત પડી છે ? તારા પર તો પડ્યા જ કરે છે બહુ બડાશ ના મારીશ.''

આંબો : ''ભાઈ, મારા તો ગોટલા. પણ લોકો સાચવી રાખે, ને શેકીને ખાય.''

લીમડો : ''મારી લિંબોળીનાં બીયાંનું તેલ માથામાં નાખે તો જૂ મરી જાય છે.''

આંબો : (નાક મરડીને) ''અરરર ! એ તેલની વાસ કેવી ગંદી આવે છે ! કોઈ નજીક ફરકે જ નહિ.''

લીમડો : ''ભાઈ, જૂ પણ ફરકતી નથી. તારે તારી જીવાત ભગાડવી હોય તો મારું તેલ લગાવજે.''

આંબો : (છંછેડાઈને) ''તે મારો આ ઘટાદાર છાંયો જોયો છે ? મોર આવે ત્યારે અને એમાં બેઠેલી કોયલ ગાય ત્યારે આખી વાડી નાચી ઊઠે છે.''

લીમડો : ''મારા પર મોર આવે ત્યારે સુગંધથી આખી વાડી પમરાય છે, ખબર છે ?''

(ઝઘડો સાંભળીને ડોશીમા ઊભાં થાય છે અને બંનેને ઠપકો આપે છે.)

ડોશીમા : ''ચૂપ થાવ બેઉ જણ. આમ તો કાંઈ ઝઘડાતું હશે ! તમે બંને અમારે માટે કામના છો. આંબો જો મીઠાં ફળ આપે તો લીમડાના દાતણ પણ જોઈએ માટે તમે બેઉ અમને સરખા વહાલા છો.''

(સામે ઊભેલો વડલો પણ કહે છે.)

વડલાદાદા : વાત સાચી જ છે. બધાં જ વૃક્ષો કામના છે. એકબીજાના ગુણ જાણી લઈએ અને એક બીજાના મિત્ર થઈએ.''

## શબ્દાર્થ

ભાથું-પ્રવાસ માટે લઈ જવાતું ખાવાનું; લિંબોળી-લીમડાનું ફળ; લૂ-ગરમ પવન; નાક મરડીને-અણગમા સાથે; પમરાવું-ફેલાવું; લહેર કરવી-મજા કરવી; પડાપડી કરવી-ઝૂંટાઝૂંટ કરવી; બડાશ મારવી-ખોટી ખોટી વાતો કરવી; ગંદી-ખરાબ; છંછેડાવું-ગુસ્સાથી ભડકી જવું; ઠપકો આપવો-ખિજાવું;

### સૂર..... કૃતિનો

પ્રસ્તુત કૃતિ 'વાડીમાં થયો ઝઘડો' માં આંબાના ઝાડ અને લીમડાના ઝાડ વચ્ચેનો સંવાદ છે. બંને ઝાડ પોતપોતાની મહત્તા જણાવીને પોતાને બીજાથી ચડિયાતા ગણાવવાનો પ્રયત્ન કરે છે. બંને પોતપોતાની રીતે મહાન છે તેમ જણાવે છે. આ સંવાદ સાંભળી રહેલા પશાભાઈનાં બા બંનેને ઝઘડતા અટકાવે છે. વળી અંતમાં વડદાદા પણ વચ્ચે પડી બધાં જ વૃક્ષો ઉપયોગી છે તેમ જણાવી બધા સાથે મિત્રતા બાંધવાની સુંદર શિખામણ આપે છે.

## સ્વાધ્યાય

સ.૧ એક વાક્યમાં જવાબ લખો.

૧. પશાભાઈની વાડીમાં ક્યાં ક્યાં ઝાડ હતાં ?

૨. ડોશીમાં ક્યાં બેઠાં હતાં ? શા માટે ?

૩. ડોશીમાને ક્યાંથી અવાજ આવતો સંભળાયો ?

૪. લિંબોળીનાં બીયાંનો શો ઉપયોગ થાય છે ?

સ.૨ નીચેનાં વાક્યો કોણ બોલે છે, કોને કહે છે ?

૧. ''તને મારા કામની શી ખબર પડે.''

૨. ''ભાઈ, મારા તો ગોટલા પણ લોકો સાચવી રાખે.''

૩. ''ચૂપ થાવ બેઉ જણ, આમ તો કાંઈ ઝઘડાતું હશે.''

૪. ''વાત સાચી જ છે. બધાં જ વૃક્ષો કામનાં છે.''

સ.૩ નીચેના રૂઢિપ્રયોગોનો અર્થ લખી વાક્યમાં વાપરો.

૧. નાક મરડવું

૨. ઠપકો આપવો

૩. લહેર કરવી

૪. બડાશ મારવી

સ.૪ ખાલી જગ્યા પૂરો.

૧. તું તો ખાઈ પીને .................. જ કરતો લાગે છે.

૨. પાકી કેરી લેવા માટે તો બધા .................. કરે.

૩. તે મારો આ .................. છાંયો જોયો છે ?

૪. .................. તો નાની અમથી ને કડવી કડવી.

૫. બધાં જ વૃક્ષો .................. છે.

સ.૫ વિરોધી શબ્દ લખો.

| | |
|---|---|
| સરસ × | મીઠાશ × |
| છાંયડો × | સુગંધ × |
| જુદાજુદા × | મિત્ર × |

સ.૬ પાઠનાં આધારે આંબા અને લીમડાની ઉપયોગીતા લખો.

## ઉપક્રમ

★ ઝાડનાં ચિત્રો ભેગા કરી ચાર ચાર્ટ બનાવો. ચિત્રની નીચે તે ઝાડની ઉપયોગીતા લખો.

## પૂરક વાંચન

### ★ લીમડા તારા લાખો ગુણ ! ★

લીમડો કડવો પણ ગુણમાં મીઠો છે. શરીરની તંદુરસ્તી તથા આરોગ્ય માટે લીમડો ઉપયોગી છે.

લીમડો ઘરગથ્થું ઔષધ (દવા) છે.

★ લીમડો કફને દૂર કરે, પિત્તને શાંત કરે.

★ લીમડાનાં પાન લિવર માટે અસરકારક દવા છે.

★ કમળો, કૃમિરોગ, કબજીયાત દૂર કરવામાં પણ ઉપયોગી છે.

★ ચરબીને ઘટાડે છે. હોજરીને બળ આપે છે. આંખો માટે ગુણકારી છે.

★ લીમડાના પાનથી સ્નાન કરવાથી ખંજવાળ મટે, જખમ રૂઝે.

★ ચામડીના કોઈપણ દર્દમાં લીમડાનાં પાન વાટી લેપ કરવાથી ફાયદો થાય.

★ માંદગી હોય ત્યારે લીમડાની ઝૂડી ઘરમાં ટીંગાડવામાં આવે છે.

★ લીમડાનાં સૂકાં પાનનો ધૂપ કરવાથી જંતુ નાશ પામે છે.

કોઈપણ વસ્તુનો ઉપયોગ પ્રમાણસર કરીએ તો ફાયદો થાય અને વધુ પડતા ઉપયોગથી નુકસાન થાય. લીમડાનાં પાનનો રસ ૧૨ થી ૧૫ ગ્રામ જેટલો જ લેવાય.

પાનનું ચૂર્ણ ૧ થી ૩ ગ્રામ લેવાય. મિત્રો, લીમડાનું દાંતણ કરવાથી દાંત સ્વચ્છ તેમજ જંતુરહિત બને. તેમાંની કડવાશથી પાચન શક્તિ સતેજ બને છે. ખરેખર લીમડાનું વૃક્ષ સર્જી કુદરતે આપણને અમૂલ્ય આશીર્વાદ આપ્યા છે.

**કડવાં કારેલાનાં ગુણ ન હોય કડવા**

## વિશેષણ

આ મારી સખી નેહા છે. તે ભણવામાં અને સંગીતમાં ઘણી હોંશિયાર છે. દૂરદર્શન પર આવતા સા... રે... ગ... મ... કાર્યક્રમમાં તે પહેલા પાંચમાં આવી હતી. તેના શહેરના લોકોએ તેનો સારો સત્કાર કર્યો.

ઉપરના પરિચ્છેદમાં આવેલ રેખાંકિત શબ્દ વિશેષણ દર્શાવે છે.

દર્શક વિશેષણ
(આ, તે, પેલું)

પરિમાણવાચક વિશેષણ
(ઘણું, થોડું, ખૂબ, કેટલું)

વિશેષણ

સંખ્યાવાચક વિશેષણ
(આઠ, દસ, પંદરમું)

ગુણવાચક વિશેષણ
(હોંશિયાર, સ્વાદિષ્ટ, સારું, ખરાબ)

## સ્વાધ્યાય

નીચે આપેલા વાક્યમાંથી વિશેષણ શોધી પ્રકાર લખો.

૧. કેટલાંક પક્ષીઓ સુંદર માળા બાંધે છે.

૨. સરકાર મક્કમ હતી.

૩. આબુની ગુલાબી હવાએ આગલી રાતનો થાક ઉતારી નાંખ્યો.

૪. શિલ્પાને આજે પંદરમું વર્ષ બેઠું.

૫. થોડુંઘણું ભણેલા લોકો પણ આ કાર્ય કરી શકશે.

૬. તમારે પાંચ પ્રશ્નોના ઉત્તર આપવાના છે.


૭. સારી વસ્તુઓ સસ્તી મળતી નથી.

૮. જનક કેટલું બધું કામ કરે છે.

# શરણાઈવાળો

દલપતરામ : વઢવાણમાં જન્મેલા આ સમાજસુધારક કવિએ સરળ ભાષામાં કવિતા રચી છે. શબ્દની ચાતુરી અને સુઘડ ઉપદેશ એમની કવિતામાં દેખાય છે. મધ્યકાલીન અને અર્વાચીન ગુજરાતી સાહિત્યને જોડનાર કડીરૂપ કવિ દલપતરામ છે. એમની કવિતામાં બોધ, વિનોદ, ચાતુરી અને સરળતા ધ્યાન ખેંચે છે.

એક શરણાઈવાળો સાત વર્ષ સુધી શીખી,
રાગ રાગણી વગાડવામાં વખણાણો છે;
એકને જ જાચું એવી ટેક છેક રાખી, એક
શેઠને રિઝાવી મોજ લેવાને મંડાણો છે;
કહે દલપત પછી બોલ્યો તે કંજૂસ શેઠ,
ગાયક ન લાયક તું ફોકટ ફુલાણો છે;
પોલું છે તે બોલ્યું તેમાં કરી તે શી કારીગરી,
સાંબેલું બજાવે તો હું જાણું કે તું શાણો છે.



## શબ્દાર્થ

રાગ-રાગણી-અનેક પ્રકારના રાગ, ગેય ઢાળો; વખણાવું-જાણીતું થવું; જાચવું-માગવું; રિઝાવવું-ખુશ કરવું; મોજ-આનંદ, મજા; મંડાવું-મચી પડવું, લાગી જવું; ટેક-પ્રતિજ્ઞા; કંજૂસ-લોભી; ફોકટ-નકામો; છેક-અંત; ફુલાવું-ખોટું ખુશ થવું; પોલું-પોકળ; સાંબેલું-અનાજ-મસાલા ખાંડવાનું લાકડાનું લાંબું સાધન.

### સૂર..... કૃતિનો

એક શરણાઈવાળો સાત વર્ષ સુધી અનેક પ્રકારના રાગો શીખ્યો. પછી મનથી પ્રતિજ્ઞા કરે છે કે હું એક જ શેઠને મારી કલાથી ખુશ કરીશ. પરંતુ તે જે શેઠ પાસે જાય છે તે શેઠ ખૂબ કંજૂસ હોય છે. તેથી તેની કલાને વખાણવાને બદલે કહે છે, ''તારામાં ગાવાની કોઈ લાયકાત નથી, આ શરણાઈ પોલી હતી તેથી વાગી. તેમાં કોઈ કારીગરી નથી. તું જો સાંબેલું વગાડી બતાવે તો તને માનું કે તું સાચો કલાકાર છે.'' આ કાવ્ય ઉપરથી આપણે બોધ મેળવીએ કે કલાનું પ્રદર્શન કલાપારખુ પાસે જ કરવું જોઈએ.

## સ્વાધ્યાય

સ.૧ એક-બે વાક્યમાં જવાબ લખો.

૧. શરણાઈવાળાએ કેટલા વર્ષ સુધી રાગ શીખ્યા ?

૨. રાગો શીખ્યા પછી તેણે કઈ ટેક લીધી ?

૩. શરણાઈવાળો જેની પાસે ગયો તે શેઠ કેવા હતાં ?

૪. શેઠે શરણાઈવાળાને શું વગાડવાનો પડકાર આપ્યો ?

૫. શરણાઈવાળો શા માટે વખણાણો છે ?

૬. કંજૂસ શેઠે શરણાઈવાળાને શું કહ્યું ?

સ.૨ કાવ્યનો સાર તમારા શબ્દમાં લખો.

સ.૩ સમાનાર્થી શબ્દ લખો.

ટેક, મોજ, કંજૂસ, ફોકટ, પોલું

સ.૪ નીચેના શબ્દોને વાક્યમાં વાપરો.

શેઠ, ગાયક, ફોગટ, ફુલાવું, કારીગરી

સ.૫ 'રાગ-રાગણી' જોડશબ્દ છે. આવા અન્ય દસ જોડશબ્દોની યાદી બનાવો.

## ઉપક્રમ

★ પૂરકવાંચનમાં આપેલું કાવ્ય અધૂરું છે, તેનું આગળનું કાવ્ય મેળવીને વાંચો.

## પૂરક વાંચન

### ★ અંધેરી નગરી ★

પુરી એક અંધેરી ને ગંડુ રાજા, ટકે શેર ભાજી ટકે શેર ખાજાં;
બધી ચીજ વેચાય ત્યાં ભાવ એકે, કદી સારી બૂરી ન વેચે વિવેકે.
ત્યાં જઈ ચડયા બે ગુરુ એક ચેલો, ગયો ગામમાં માગવા શિષ્ય પેલો;
લીધી સુખડી હાટથી આપી આટો, ગુરુ પાસ જઈને કહે ખૂબ ખાટયો.
ગુરુજી કહે રાત રહેવું ન આંહી, સૌ એક ભાવે ખપે ચીજ જ્યાંહી;
હશે ચોર ને શાહનો ન્યાય એકે, નહિ હોય શિક્ષા ગુનાની વિવેકે.
ન એ વસ્તીમાં એકવાસો વસજે, ચલો સદ્ય ચેલા, જવું ગામ બીજે;
કહે શિષ્ય ખાવાપીવા ખૂબ આંહી, તજી તેહ હું તો ન આવીશ ક્યાંહી.
ગુરુએ બહુ બોધ દીધો જ ખાસો, નહિ યોગ્ય અહીં રહે રાતવાસો;
ન માની કશી વાત તે શિષ્યે જ્યારે, ગુરુજી તજીને ગયા ગામ ત્યારે.
રહ્યા શિષ્યજી તો તહીં દિન ઝાઝા, બહુ ખાઈ પીને થયા ખૂબ તાજા;
પછીથી થયા તેહના હાલ કેવા કહું છું હવે હું સુણો સર્વ તેવા.

- દલપતરામ

કલા તેના સાચા કદરદાનને જ બતાવવી જોઈએ.

# સરદાર પટેલ

ગુજરાતના કરમસદ ગામમાં ઝવેરભાઈ પટેલને સૌ કોઈ રાજભા કહેતું. કહેવાય છે કે સત્તાવનના આઝાદીના જંગમાં એમણે ભાગ લીધો હતો. પોતાની જિંદગીના ઘણા દિવસો એમણે મંદિરના પવિત્ર વાતાવરણમાં રહીને જ ગાળેલા. એમનાં પત્ની લાડબાઈ પણ સેવાભાવી અને સુશીલ હતા. આવાં સંસ્કારી પતિ પત્નીને પાંચ સંતાન હતાં. તેમાંના એક તે સરદાર વલ્લભભાઈ પટેલ. તે સત્તર વર્ષના થયા ત્યાં સુધી કરમસદમાં જ ધાર્મિક માબાપ સાથે રહ્યા હતાં. સરદાર પોતે પણ પિતાશ્રીની સાથે નિરાહારી અને નિર્જળા એકાદશી કરતા. વળી સરદાર તો ખેડૂતના દીકરા એટલે ખેતરમાં કામ કરવાનું તો તેમને માથે હોય જ. એ કહેતા, "મારા પિતાને મને ભણાવવાનો શોખ બહુ. રોજ સવારના પહોરમાં ખેતરે લઈ



જાય અને આવતાં જતાં રસ્તે પાડા (આંક) બોલાવતા અને પલાખાં ગોખાવતા.'' સરદારને મોટા થવાની મહત્ત્વાકાંક્ષા, એટલે ગુજરાતી ભણતર કરમસદમાં પૂરું કરી, પેટલાદની અંગ્રેજી શાળામાં દાખલ થયા. ત્યાં સાત આઠ વિદ્યાર્થીમિત્રોની તેમણે એક 'કલબ' કાઢી. દર રવિવારે દરેક પોત પોતાને ઘેર જઈ સીધું લઈ આવે અને જાતે રસોઈ બનાવી જમે. દરરોજ બધા ભેગા મળી કલબનું કામકાજ કરી નિશાળે જાય.

નાનપણથી જ સરદાર હાજરજવાબી અને રમૂજી હતા. મેટ્રિકમાં અભ્યાસ કરતા હતા. કેમે કરી તેમને સંસ્કૃતમાં રસ પડે નહિ, છેવટે સંસ્કૃત છોડી ગુજરાતી લીધું. ગુજરાતીના વર્ગમાં શિક્ષકે પૂછ્યું, ''કેમ મહાપુરુષ, સંસ્કૃત છોડી ગુજરાતી લો છો, પણ સંસ્કૃત વિના ગુજરાતી આવડે નહિ એ ખબર છે ?'' સરદારે જવાબ આપ્યો, ''સાહેબ, અમે બધા જ સંસ્કૃતમાં રહેત તો તમે શીખવત કોને ?'' શિક્ષક ખિજાયા અને કહ્યું, ''જાઓ, એકથી દસ-એકા સુધીના પાડા સો વાર લખી લાવો.'' શિક્ષકે અનેકવાર કહ્યું પણ સરદાર માને ત્યારે ને ! આખરે શિક્ષકે આવેશમાં આવી બસો વાર પાડા લખવા હુકમ કર્યો. બીજે દિવસે શિક્ષકે સરદારને શિક્ષામાં આપેલું લેસન બતાવવા કહ્યું ત્યારે તે બોલ્યા, ''સાહેબ, બસો પાડા તો લાવ્યો હતો, પણ તેમાંથી એક મારકણો નીકળ્યો. તેનાથી ભડકીને બીજા બધા દરવાજા આગળથી નાસી ગયા.'' શિક્ષકના ગુસ્સાનો તો પાર ન રહ્યો. તેમણે વલ્લભભાઈને મુખ્ય શિક્ષક પાસે મોકલ્યા. તેમની આગળ સરદારે નિવેદન કર્યું, 'સાહેબ, આવી તે સજા હોતી હશે ? અમારા અભ્યાસમાંથી કાંઈ લખાવતા હોય તો અમને ફાયદો પણ થાય !'' આમ સાચું લાગે તે સાફ સુણાવી દેનાર અને સાચું લાગે તે કરનાર જો તોફાની ગણાતો હોય તો સરદાર પણ વિદ્યાર્થીજીવનમાં તોફાની ખરા.

સરદારનું શરીર ખડતલ અને મન મજબૂત. ૧૯૦૯ના જાન્યુઆરીની અગિયારમી તારીખે સરદાર અદાલતમાં એક ખૂનનો કેસ ચલાવતા હતા. તે સમયે જ તેમને પોતાનાં પત્ની ઝવેરબાઈના મૃત્યુના દુઃખદ સમાચાર મળ્યા. પરંતુ કાળજું કઠણ રાખી અતિશય દૃઢતાથી તેમણે કેસનું કામ

પૂરું કર્યું. ખરેખર મહાપુરુષોનાં હૃદય વજ્રથી પણ કઠોર અને પુષ્પથી પણ કોમળ હોય છે.

## શબ્દાર્થ

જંગ-લડાઈ; સંતાન-બાળક; ધાર્મિક-ધર્મમાં આસ્થા રાખનાર; નિરાહાર-ખોરાક વગર; નિર્જળા-પાણી વગર; પાડા-આંક, ઘડિયા; ખિજાવું-ગુસ્સે થવું; આવેશ-ગુસ્સો; હુકમ-આજ્ઞા, ફરમાન; શિક્ષા-સજા; મારકણો-તોફાની, અંટકચાળો; ભડકવું-ડરવું; નિવેદન-રજૂઆત; સાફ-સ્પષ્ટ; સુણાવવું-સંભળાવવું; કાળજું કઠણ રાખવું-હિંમત રાખવી; વજ્ર-એક શસ્ત્ર; પુષ્પ-ફૂલ

### સૂર.... કૃતિનો

દેશના સરદાર ગણાતા અને 'લોખંડી પુરુષ' તરીકે ઓળખાતા મહાન દેશભક્ત સરદાર વલ્લભભાઈ પટેલના વિદ્યાર્થીજીવનનો એક પ્રસંગ પ્રસ્તુત કૃતિમાં વર્ણવ્યો છે. બાળપણમાં તેઓ હાજરજવાબી અને રમૂજી હતા. ખડતલ શરીર અને મજબૂત મન સાથે આ પ્રસંગ દ્વારા તેમની સ્પષ્ટ વક્તા તરીકેની ઓળખ મળે છે. અને તે પણ વિદ્યાર્થીઅવસ્થાથી જ. તેથી જ તે પોતાના શિક્ષકને અને મુખ્યશિક્ષકને પણ પોતાને જે સાચું લાગે છે તે નિર્ભયતાથી જણાવી દે છે.

## સ્વાધ્યાય

સ.૧ ખાલી જગ્યામાં યોગ્ય શબ્દ મૂકો.

૧. સરદાર પટેલ .................. ના વતની હતા.

૨. સરદારનાં માતા લાડબાઈ સેવાભાવી અને .................. હતાં.

૩. પિતાની સાથે સરદાર પણ .................. અને .................. એકાદશી કરતા.

૪. સરદાર .................. ની અંગ્રેજી શાળામાં દાખલ થયા.

૫. મેટ્રિકમાં હતા ત્યારે સરદારને .................. માં રસ પડયો નહિ.

સ.૨ એક વાક્યમાં જવાબ લખો.

૧. વલ્લભભાઈ કરમસદમાં ક્યાં સુધી રહ્યા ?

૨. મેટ્રિકમાં સરદારે ગુજરાતી શા માટે લીધું ?

૩. સરદારના શરીર અને મન કેવા હતાં ?

૪. મહાન પુરુષોનાં હૃદય કેવાં હોય છે ?

સ.૩ મુદ્દાસર જવાબ લખો.

૧. સરદારના પિતાને સરદારને ભણાવવાની ઘણી હોંશ હતી એમ શા ઉપરથી કહેશો ?

૨. સરદાર હિંમતવાન અને હાજરજવાબી હતા તે દર્શાવતો પ્રસંગ લખો.

૩. શિક્ષકે સરદારને શી સજા આપી ? શા માટે ?

૪. શિક્ષકે સરદારને મુખ્ય શિક્ષક પાસે શાથી મોકલ્યા ?

સ.૪ કોણ બોલે છે ? કોને કહે છે ?

૧. 'મારા પિતાને મને ભણાવવાનો શોખ બહુ.'

૨. 'સંસ્કૃત વિના ગુજરાતી આવડે નહિ એ ખબર છે ?'

૩. 'આવી તે સજા હોતી હશે ?'

સ.૫ વિરોધી શબ્દ લખો.

આઝાદી, પવિત્ર, ફાયદો, મજબૂત, દુઃખદ, કોમળ

સ.૬ વાક્યમાં પ્રયોગ કરો.

- કાળજું કઠણ રાખવું
- હુકમ કરવો
- ભડકીને ભાગી જવું
- સાફ સુણાવી દેવું

## ઉપક્રમ

★ નીચેનાં વાક્યોમાંથી લીટી દોરેલા નામના પ્રકાર લખો.

૧. જાન્યુઆરીની અગિયારમીએ વલ્લભભાઈ અદાલતમાં કેસ ચલાવતા હતા.

૨. સરદારનું શરીર ખૂબજ ખડતલ.

૩. શિક્ષકે અનેક વાર કહ્યું.

૪. બધા પાડા નાસી ગયા.

૫. તેમનાં પત્ની ઝવેરબાઈના દુઃખદ અવસાનના સમાચાર હતા.

## ★ દૃઢ મનોબળ ★

સરદાર વલ્લભભાઈ પટેલ વિદ્યાર્થી હતા ત્યારે દરરોજ કરમસદથી પેટલાદ ૧૧ માઈલ ચાલીને ભણવા માટે જતા. આ રસ્તામાં એક પથ્થર આવતો હતો, જે આવતાં-જતાં બધાં જ લોકોને નડતરરૂપ હતો. કેટલાક મુસાફરોને ઠોકર વગાડીને પાડી નાખતો, તો વાહનચાલકો સંતુલન ગુમાવી બેસતા. નડતરરૂપ પથ્થરને રસ્તામાંથી કાઢી નાખવાનો કોઈએ પ્રયત્ન કર્યો જ ન હતો. સરદાર વલ્લભભાઈની નજર આ પથ્થર પર પડી ત્યારે જ મનોમન નક્કી કર્યું કે, 'કોઈ પણ સંજોગોમાં આ પથ્થર ઉખાડીને ફેંક્યા બાદ જ જંપીશ ! બીજા દિવસે શાળાએ જતાં એ પથ્થર આવ્યો, એટલે સરદાર વલ્લભભાઈએ દફતર બાજુમાં મૂકીને તેને ઉખેડી કાઢવા માટેની જહેમત શરૂ કરી દીધી.

સાથીમિત્રો તેમનાથી ચાલવામાં આગળ નીકળી ચૂક્યા હતા. તેથી તેમણે બૂમ પાડી...ઓ... વલ્લભભાઈ... શું કરી રહ્યા છો ? ઉતાવળા દોડી આવો. શાળાએ જવાનું મોડું થશે. સરદાર વલ્લભભાઈએ જવાબ આપ્યો... "તમે જરા સમય માટે ઊભા રહેજો, હું હમણાં તમારી પાસે આવી પહોંચું છું." ત્યાં તો સંપૂર્ણ તાકાત લગાવીને પથ્થરને ઉખાડી ફેંક્યો. કપાળે પરસેવાનાં ટીપાં બાજ્યાં કપાળ લૂછતાં-લૂછતાં હાથમાં દફતર લઈને દોડ્યા અને મિત્રો પાસે પહોંચી ગયા. મિત્રોએ પૂછ્યું. કેમ ભાઈ શું કરી રહ્યા હતા ? સરદાર વલ્લભભાઈ બોલ્યા, હું પેલી જગ્યા પર જે સૌને નડતરરૂપ પથ્થર હતો તેને ઉખાડી ફેંકવા માટે રોકાયો હતો. મેં ગઈ કાલનો જ નિર્ણય લીધો હતો કે તે ઉખાડી ફેંક્યા પછી જ જંપ લઈશ. જે કામ પૂર્ણ કરીને આવ્યો છું. હવે ચાલો ઉતાવળ કરવી પડશે, જેથી આપણે સમય પર શાળામાં પહોંચી જઈએ અને ઝડપભેર ચાલવા લાગ્યા.

સરદાર વલ્લભભાઈની દૃઢમનોબળયુક્ત શક્તિએ તેમને 'સરદાર' નું બિરુદ અપાવ્યું. તેઓ જ્યાં સુધી કાર્યને પૂર્ણ ન કરતાં ત્યાં સુધી જંપ લેતા જ ન હતા. આપણે પણ એવું જ મનોબળ ધરાવવાની જરૂરિયાત છે.

**દૃઢ મનોબળ સફળતા પ્રાપ્ત કરવા માટેની આધારશિલા છે.**

## અગત્યના સંક્ષેપો

| | | | |
|---|---|---|---|
| ઇ. સ. પૂ. | - ઈસવી સન પૂર્વે | મુ. | - મુરબ્બી |
| ઉદા.. | - ઉદાહરણ | લિ. | - લિખિતંગ, લિમિટેડ |
| કું | - કંપની | વિ. વિ. | - વિશેષ વિનંતી |
| ચિ. | - ચિરંજીવી | વિ. સં. | - વિક્રમ સંવત |
| અ. સૌ. | - અખંડ સૌભાગ્યવતી | શ્રી. | - શ્રીયુત, શ્રીમાન, શ્રીમતી |
| કિં. | - કિંમત | સદ્. | - સદ્ગત |
| ગે. હા. | - ગેરહાજર | સ્વ. | - સ્વર્ગસ્થ |
| ઠે. | - ઠેકાણું | મુ. પો. | - મુકામ પોસ્ટ |
| તા. ક. | - તાજા કલમ | જિ. | - જિલ્લો |
| પ. પૂ. | - પરમ પૂજ્ય | તા. | - તાલુકો |
| રા. રા. | - રાજમાન રાજેશરી | દા. ત. | - દાખલા તરીકે |

## વિરામચિહ્નો

“ ” અવતરણ ચિહ્ન

? પ્રશ્નાર્થ ચિહ્ન

, અલ્પવિરામ

! ઉદ્ગાર ચિહ્ન

. પૂર્ણવિરામ

નીચેનાં વાક્યોમાં યોગ્ય વિરામ ચિહ્નો મૂકો.

૧. મીના બાગમાં ફરવા જાય છે
૨. બા મંદિરમાં પૂજા કરે છે
૩. શિક્ષકે કહ્યું તે ઘરકામ કર્યું
૪. તમે ક્યારે પાછા આવશો
૫. બાપ રે કેટલો મોટો સાપ
૬. કાશ્મીરનું સૌંદર્ય કેટલું આહ્લાદક છે
૭. અરેરે એણે આવું કર્યું
૮. ભાભી બાની ખૂબ સેવા કરે છે
૯. પ્રસાદમાં કેળાં દ્રાક્ષ ચીકુ અને દાડમ હતાં
૧૦. દાદીએ બોર શેરડી ચીકી ખાવા આપ્યાં

# કન્યા વિદાય

અનિલ જોષી : ગુજરાતી ભાષાને અનેક પ્રસિદ્ધ ગીતોથી સમૃદ્ધ કરનાર શ્રી. અનિલ જોષીનો જન્મ ૨૮-૦૭-૧૯૪૦નાં રોજ ગુજરાતના ગોંડલ ગામે થયો હતો. તેઓ નિબંધકાર તરીકે પણ પ્રસિદ્ધ છે. 'કદાચ', 'બરફનાં પંખી', 'સ્ટેચ્યુ', 'પવનની વ્યાસપીઠ' વગેરે તેમનાં પ્રસિદ્ધ પુસ્તકો છે.

સમીસાંજનો ઢોલ ઢબૂકતો, જાન ઊઘલતી મ્હાલે
કેસરિયાળો સાફો ઘરનું ફળિયું લઈને ચાલે.
પાદર બેસી ફફડી ઊઠતી ઘરચોળાની ભાત
ડૂસકે ડૂસકે હડસેલાતી બાળપણાની વાત
પૈડું સીંચતા રસ્તો આખો કોલાહલમાં ખૂંપે
શૈશવથી ચીતરેલી શેરી સુનકારમાં ડૂબે.
જાન વળાવી પાછો વળતો દીવડો થરથર કંપે
ખડકી પાસે ઊભો રહીને અજવાળાને ઝંખે.
સમીસાંજનો ઢોલ ઢબૂકતો જાન ઊઘલતી મ્હાલે
કેસરિયાળો સાફો ઘરનું ફળિયું લઈને ચાલે.



## શબ્દાર્થ

સમીસાંજ-સાંજની વેળા, સંધ્યાકાળ; ઢબકવું-ઢોલનું વાગવું; જાન-લગ્નમાં પરણવા વર સાથે જતાં લોકોનો સમૂહ; ઊઘલવું-પરણવા (વરઘોડામાં) નીકળવું; મહાલવું-ઠાઠમાઠથી આનંદમાં અહીં તહીં ફરવું, મોજ કરવી; કેસરિયાળું-કેસરી રંગનું; સાફો-ફેંટો; પાદર-ગામને છેવાડે આવેલું મેદાન; ફફડવું-ડરથી ધ્રુજવું, બીવું; ઘરચોળું-લગ્નની છાબમાં વહુને આપવામાં આવતી બાંધણી સાડી; ડૂસકું-રડતાં રડતાં રહી રહીને ખેંચાતો શ્વાસ; હડસેલવું-ધકેલવું, આગળ ખસેડવું; પૈડું સીંચવું-જાનને વળાવતી વખતે વરકન્યાને મોટરમાં બેસાડી પૈડાંની નીચે શ્રીફળ મૂકી તેના ઉપરથી મોટર હંકારી શ્રીફળના ટૂકડા કરી તે કન્યાના પાલવમાં મૂકી કરાતી એક લગ્નની વિધિ; ખૂંપવું-અંદર ઘૂસી જવું; શૈશવ-બાળપણ; સૂનકાર-નીરવતા; ઝંખવું-આતુરતાથી યાદ કરવું, સ્મરણ કરવું.

### સૂર..... કૃતિનો

પ્રસ્તુત કાવ્યમાં કન્યા વિદાયના પ્રસંગનું હૃદયસ્પર્શી આલેખન કરવામાં આવ્યું છે. કન્યા પરણીને સાસરે જતાં ઘર કેવું સૂનુંસૂનું બની જાય છે, કન્યાના શૈશવનાં જુદાંજુદાં સ્મૃતિચિત્રો પાછળ રહી જાય છે. કન્યા સાસરે જતી હોય તે સમયનું સચોટ વર્ણન-ચિત્રણ અહીં કલાત્મકતાથી રજૂ થયેલું જોવા મળે છે. સંવેદનાના ભાવ આબેહૂબ ઝીલાવાથી કાવ્ય કરૂણ રસથી છલકાતું બન્યું છે.

## સ્વાધ્યાય

સ.૧ એક વાક્યમાં જવાબ લખો.

૧. આ કાવ્યમાં લગ્નના ક્યા પ્રસંગનું વર્ણન છે ?

૨. સમીસાંજે ઢોલ વાગતાં કોણ મહાલી રહ્યું છે ?

૩. કન્યા કઈ વાતો દૂર હડસેલી રહી છે ?

૪. શું થરથર કંપે છે ?

સ.૨ સવાલના જવાબ લખો.

૧. કન્યાને વિદાય વેળાએ શેની યાદ સતાવે છે ? શા માટે ?

૨. કન્યાને વિદાય આપી પાછાં આવતાં કેવી સ્થિતિ સર્જાય છે તેનું વર્ણન કરો.

સ.૩ કાવ્યપંક્તિ સમજાવો.

૧. પૈડું સીંચતા રસ્તો આખો કોલાહલમાં ખૂંપે,
શૈશવથી ચીતરેલી શેરી સૂનકારમાં ડૂબે.

સ.૪ જોડી બનાવો.

| | |
|---|---|
| ૧. કેસરિયાળો | વાત |
| ૨. ઘરચોળાની | ઢોલ |
| ૩. બાળપણની | સાફો |
| ૪. સમીસાંજનો | ભાત |

## ઉપક્રમ

★ લગ્નની વિવિધ વિધિઓનું આલ્બમ તૈયાર કરી તેને અનુરૂપ લગ્નગીતો મેળવો.

## પૂરક વાંચન

### ★ દીકરી ★

શૈશવમાં સપનામાં જોયેલી પરી, સદેહે અવતરી... થઈ દીકરી.
દીકરી... જુઈની નાજુક કળી, પ્રભુજીને ચડાવેલાં ફૂલોની અવેજીમાં મળી
દીકરી... દાદાની આંખો પર ફણા ફણા હાથ દાબે,
જાણે પોપચાં પર પવન મૂક્યો ફૂલોની છાબે,
શીતળ, સુગંધિત, તાજગી ભરી લ્હેરખી, મીંચાયેલી આંખોથી પણ ઓળખી
દીકરી... બારમાસી વાદળી ઝરમરતી ઝરમરતી રાખે
સઘળુંય લીલુંછમ... બારેય માસ.

દીકરી... પતંગિયું, ફળિયામાં ઊડઊડતી રંગોળી પૂરે,
શરણાઈ કોઈ વગાડે... એ તો ચૂપચાપ ઊડી જાય...
ને પાછળ રહી ગયેલા રંગો ઝૂરે.
દીકરી... ચાંદરડું, દિવસ આખો ઘરમાં તેજ પાથરે,
પકડ્યું પકડાય ના, ઊંબરે ને ઓરડે દોડાદોડી કરે...
દાદર ચડે ઊતરે... સૂરજ સાથે ચાલ્યું જાય
આખરે વિદાય લીધેલી માની જગ્યા
દીકરીએ ક્યારે લીધી
તે ખબરેય ના પડી.

- હર્ષદ ચંદારાણા

★ જાણો અને સમજો ★

★ ભારતમાં આજે પણ ઘણી જગ્યાએ પુત્ર-પુત્રીનાં ઉછેરમાં ભેદ કરાય છે, જે અત્યંત શરમજનક છે.

★ વિશ્વમાં ડંકો વગાડનાર સુનિતા વિલિયમ્સ અને સ્વ. કલ્પના ચાવલા જેવી દીકરીઓએ તેમનાં પૂરા કુટુંબ સહિત ભારતનું નામ ઉજળુ કર્યું છે, તે કેમ ભૂલાય ?

★ તમે પણ બહેન-માતા-શિક્ષિકા ઉપરાંત કોઈજ સંબંધ ન હોય તેવી સ્ત્રીઓને પણ માન આપો.

★ ઘરમાં, આજુબાજુ કે સમાજમાં ક્યાંય પણ સ્ત્રીઓને અન્યાય થતો હોય, તો તેને સથવારો આપો. અન્યાય વિરુદ્ધ અવાજ ઉઠાવવા સમજાવો.

દીકરીનાં માતા-પિતા હોવું દુનિયાનું શ્રેષ્ઠ સુખ છે.

# નાનકડી જિંદગીમાં...

અમારી એક બહેન કેનેડામાં રહે છે. એના પરિવારમાં છે એના પતિ, બે બાળકો અને થોડાં ઢોર. ખેતી કરે છે. બહુ મહેનતુ છે. અને રાતે કમ્પ્યુટર પર બેસીને સારી સારી વાતો, હૃદયસ્પર્શી એવી ઘટનાઓ પોતાના મિત્રોને ઈ-મેલથી મોકલતી રહે છે. આવી એક ઘટના એના જ શબ્દોમાં રજૂ કરું છું.

કેટલાંક વરસ પહેલાં અમેરિકાના સીએટલ શહેરમાં એક વિશેષ પ્રકારની ઓલિમ્પિક સ્પર્ધાનું આયોજન થયું હતું. એક દિવસ નવ સ્પર્ધકો



દોડની સ્પર્ધા માટે ઊભાં થઈ ગયાં. તે નવે નવ જણ જન્મથી જ શારીરિક કે માનસિક મંદત્વના શિકાર બનેલાં હતાં. તેમ છતાં તે નવે નવ સ્પર્ધકો એકસો મીટરની દોડ માટે એક કતારમાં ઊભાં રહી ગયાં હતાં. પિસ્તોલનો અવાજ સાંભળીને બધાએ દોડવાનું શરૂ કર્યું. દોડવાનું તો શું, પણ લથડાતા પગે બીજા છેડે પહોંચવા માટે બધાં નીકળી પડચાં. તે સ્પર્ધામાં કોણ પહેલું આવે છે, તે જોવાનું હતું.

બધાં ધીરે ધીરે આગળ વધતાં હતાં. પણ તેઓમાં એક સાવ નાનો છોકરો હતો. તે થોડેક સુધી તો ખૂબ મહેનત કરીને બધાંની સાથે ચાલ્યો, પણ પછી લથડીને વચ્ચે જ પડી ગયો. નાનો હતો, રોવા લાગ્યો.

બીજાં આઠ જેઓ થોડાંક આગળ નીકળી ચૂક્યાં હતાં, એમણે આનો રોવાનો અવાજ સાંભળ્યો એટલે પોતાની ગતિ ધીમી કરી નાખી અને પાછળ ફરીને જોયું. પછી એ બધાં પાછાં ફરી ગયાં અને આ પડી ગયેલા છોકરા તરફ ચાલવા માંડચાં. તે આઠમાં એક છોકરી હતી, જે પોતે પણ બૌદ્ધિક મંદત્વની શિકાર હતી. પેલા છોકરા પાસે આવીને તેણે નીચે નમીને તેનો હાથ પકડચો, તેને બેઠો કરી દીધો, અને પ્રેમથી તેને ચૂમી લેતાં એ બોલી, ''ચાલ, હવે તને કશો વાંધો નહીં આવે.''

ત્યારબાદ ફરી એ બધાં નવ સ્પર્ધકો એકબીજાના હાથ પકડીને દોડના અંતિમ છેડા તરફ ચાલવા લાગ્યાં. અને બધાંએ મળીને એક સાથે દોરડું પાર કર્યું.

તે વખતે ત્યાં જેટલાયે દર્શકો હાજર હતા એમનાથી એ દૃશ્ય ભૂલ્યું ભુલાતું નથી. કેમ કે પોતપોતાના હૃદયના ઊંડાણમાં આપણે બધાં એક વાતની બરાબર અનુભૂતિ કરતાં રહીએ છીએ કે આ નાનકડી જિંદગીમાં કેવળ પોતાની જ જીત માટે કોશિશ કરતાં રહેવાનું પૂરતું નથી. જરૂર તેની છે કે આપણે સહુ આ જિંદગીમાં બીજાને જિતાડવામાં પણ સહાયક

બનીએ, પછી ભલે ને તેમ કરતાં આપણી પોતાની ગતિ થોડીક ધીમી કરવી પડે અથવા આપણે આપણી રાહ થોડી બદલવી પડે.

## શબ્દાર્થ

હૃદયસ્પર્શી-દિલને અસર કરી જાય તેવું; આયોજન-યોજના કે વ્યવસ્થા કરવી; સ્પર્ધા-હરીફાઈ; સ્પર્ધક-હરીફ, સ્પર્ધામાં ભાગ લેનાર; માનસિક મંદત્વ-મંદ બુદ્ધિવાળું; શિકાર બનવું-ભોગ બનવું; કતાર-હરોળ, લાઈન; લથડવું-ગોથું ખાવું; જેમ તેમ-માંડમાંડ; સાવ-તદ્દન; ચૂમવું-ચુંબન કરવું, બચી કરવી; વાંધો-મુશ્કેલી, તકલીફ; અંતિમ-છેવટનું, આખરનું; કોશિશ-પ્રયત્ન; કેવળ-માત્ર, ફક્ત; સહાયક-મદદગાર

## સૂર કૃતિનો

પ્રસ્તુત અનુવાદિત કૃતિમાં લેખકે કેનેડામાં રહેતી પોતાની બહેન વિશે શરૂઆતમાં વાત કરી છે. અને પછી બહેને મિત્રોને ઈ-મેઈલથી મોકલેલી ઘટના બહેનના શબ્દોમાં જ વર્ણવી છે.

અમેરિકાના સીએટલ શહેરમાં થયેલી વિશેષ પ્રકારની ઓલિમ્પિક સ્પર્ધામાં જન્મથી જ શારીરિક કે માનસિક મંદત્વના શિકાર બનેલા નવ સ્પર્ધકોએ એકસો મીટર દોડની સ્પર્ધામાં ભાગ લીધો હતો. તેમાંથી એક નાનો છોકરો વચ્ચે પડી ગયો ત્યારે અન્ય આઠ સ્પર્ધકો પાછા ફરી ગયાં. છોકરાને બેઠો કર્યો અને પછી એકબીજાના હાથ પકડીને અંતિમ છેડા સુધી બધાં એક સાથે પહોંચી ગયાં.

નાનકડી જિંદગીમાં પોતાની જીત માટેના પ્રયત્નોની સાથે બીજાને જીતાડવા પણ સહાયરૂપ બનીએ તો જીવન સાર્થક બની જાય.

## સ્વાધ્યાય

સ.૧ એક વાક્યમાં જવાબ લખો.

૧. લેખકની બહેનના પરિવારમાં કોણ કોણ હતું ?

૨. ઑલિમ્પિક સ્પર્ધાનું આયોજન ક્યાં થયું હતું ?

૩. કેટલા મીટરની દોડ રાખી હતી ?

૪. નાનો છોકરો શા માટે રડવા લાગ્યો ?

૫. ઑલિમ્પિક સ્પર્ધાના સ્પર્ધકો શેના શિકાર બન્યા હતા ?

સ.૨ મુદ્દાસર જવાબ લખો.

૧. નાના છોકરાને રડતો સાંભળી બીજા સ્પર્ધકોએ શું કર્યું ?

૨. છોકરીએ નાના છોકરાને શું કહી હિંમત બંધાવી ?

૩. બધાં સ્પર્ધકોએ દોરડું કેવી રીતે પાર કર્યું ?

૪. લેખક શેની અનુભૂતિ કરવાનું કહે છે ?

૫. સ્પર્ધકોની ખેલદિલી વર્ણવો.

સ.૩ (અ) વિરોધી અર્થવાળા શબ્દ લખો.

મહેનતુ, મંદ, પહેલું, થોડું, વધવું, જીત

(બ) સમાનાર્થી શબ્દ લખો.

સ્પર્ધા, કતાર, વાંધો, કોશિશ, સહાયક

(ક) વાક્યમાં ઉપયોગ કરો.

શિકાર બનવું, પાછા ફરવું, સહાયક બનવું

## ઉપક્રમ

★ ઑલિમ્પિક સ્પર્ધા વિષે માહિતી મેળવો અને ભારતીય ઑલિમ્પિક વિજેતા વિશે એક આલ્બમ તૈયાર કરો.

## ★ આ વિસ્તાર તેનો છે ! ★

એક સદ્‌ગૃહસ્થ ચાલ્યા જતા હતા. રસ્તામાં તે છાપું ખરીદવા ઊભા રહ્યા. છાપાંવાળા છોકરાએ કહ્યું; "હું તમને છાપું નહીં આપી શકું, સાહેબ !"

"કેમ ? શા માટે નહીં ? થોડા વખત પહેલાં તો તું જ છાપાં વેચવાની બૂમ પાડતો જતો હતો !"

"હા, પણ એ તો પેલા નાકા સુધી જ."

"રહેવા દે પંચાત; ચાલ મારે ઉતાવળ છે; જલદી એક છાપું આપી દે."

"અહીં હું આપને છાપું નહીં આપી શકું, કારણ કે આ વિસ્તાર લિંપીનો છે. અત્યારે તે પેલે છેડે છે, ત્યાંથી તેની પાસેથી છાપું લઈ લેજો."

"લિંપી વળી કોણ છે ? અને આ વિસ્તાર તેનો છે. એટલે વળી શું ?"

"એટલે એમ સાહેબ, કે અમે બધાં છોકરાઓએ મળીને નક્કી કર્યું છે કે આટલો વિસ્તાર લિંપી માટે રાખવો. એ લંગડો હોવાથી અમારી જેમ ઝટ બધાં મકાનોમાં પહોંચી શકતો નથી; એટલે અમે નક્કી કર્યું કે આટલા ભાગમાં તેને એકલાને જ છાપાં વેચવા દેવાં. સમજ્યા ?"

"હા, સમજ્યો. તમારું અહીં યુનિયન જેવું લાગે છે !"

"યુનિયન-બુનિયન તો ઠીક; પણ એ છોકરો લંગડો છે, એટલે અમે અંદરોઅંદર આવી ગોઠવણ કરી લીધી છે... જુઓ, પેલો આવે લિંપી !"

પેલા ગૃહસ્થે લિંપી પાસેથી બે છાપાં ખરીદ્યાં અને ચાલતાં ચાલતાં એમના મનમાં વિચાર આવ્યો કે પોતાના જ વર્ગના નબળા પડેલા કોઈ વેપારીને આ રીતે તક આપવા માટે પોતાનો માલ વેચવાનું કેટલા વેપારી જતું કરે ?

જિંદગી ઝિંદાદિલીનું જ નામ છે.

## ક્રિયાપદ - કાળ

૧. નરેશ <u>રમે છે.</u>

૨. ધોબીએ કપડાં <u>ધોયા.</u>

૩. બાળકો કાલે ચિત્રકામની <u>પરીક્ષા આપશે.</u>

અહીં રમે છે, ધોયા, પરીક્ષા આપશે આ ક્રિયાપદો છે. પરંતુ ક્રિયાના સમય જુદા જુદા છે. સમય એટલે કાળ.

કાળ

| વર્તમાન કાળ | ભૂતકાળ | ભવિષ્યકાળ |
| --- | --- | --- |
| ક્રિયા ચાલુ હોય | ક્રિયા થઈ ગઈ | ક્રિયા થશે |
| ભણું છું | ભણ્યો | ભણીશ |
| બેસું છું | બેઠો | બેસીશ |
| રમું છું | રમ્યો | રમીશ |

### સ્વાધ્યાય

નીચેનાં વાક્યોના કાળ ઓળખો.

૧. શિક્ષક વિદ્યાર્થીઓને કવિતા સમજાવે છે.

૨. દાદીમા પૂજા કરે છે.

૩. આ વર્ષે અમે નવરાત્રી સાદાઈથી ઉજવી.

૪. એપ્રિલ મહિનામાં અમે લંડન ફરવા જઈશું.

૫. પહેલી અંતરિક્ષયાત્રી લાઈકા નામે એક કૂતરી હતી.


૬. મિત્રો વેપારીની ચતુરાઈથી છક્ક થઈ ગયા.

૭. ૨૧મી સદીમાં કૉમ્પ્યુટર અલાઉદ્દીનનો જાદુઈ ચિરાગ બની રહેશે.

૮. જનનીની જોડ સખી નહિ મળે રે લોલ.

# જેને વીતી હોય તે જાણે

કાંટો બરાબર બોરડી કેરો, હાથમાં વાગ્યો હોય,
વાગ્યા વિનાનો વેદના તેની, જાણી શકે શું કોય ?
અનુભવ હોય ન જેને, શેણે સમજાવીએ તેને ?
    જેને વીતી હોય તે જાણે;
    અજણ્યો કાંઈ ન જાણે ... ૧
અગ્નિએ અંગ બળ્યું હોય, તેથી બળતરા જે થાય,
ઊનું પાણી નહિ ઓળખે, એથી કેમ કરી સમજાય ?
હૈયાની વેદના એવી, નથી સમજાયે તેવી;
    જેને વીતી હોય તે જાણે ... ૨
ચાકરી કેવી આકરી છે, તે જાણી શકે શું શેઠ ?
દુઃખ દબાણ સદા સમજે છે, હોય દબાયો હેઠ,



ભૂખ્યાનું દુઃખ શું જાણે; જમ્યા હોય ભાવતું ભાણે ?
જેને વીતી હોય તે જાણે ... ૩
કાનમાં વેણ કઠોર પડ્યાથી, ઊપજે તાપ અમાપ,
બાણ ખૂંચ્યું હોય હૈયામાં, કેવો કરે છે કાપ ?
થયો હોય મહાવરો જેને, પૂછો જઈ પ્રેમથી તેને,
જેને વીતી હોય તે જાણે ... ૪
નિર્ધનનો તો ક્યાંહિ ઘડો નહિ, કોઈ સૂણે નહિ વાત,
એક સાંધે ત્યાં તેર તૂટે છે, દોડે ભલે દિનરાત;
ધનિકને હોય શું પીડા ? કરે કલ્લોલમાં ક્રિડા;
જેને વીતી હોય તે જાણે ... ૫

## શબ્દાર્થ

બોરડી-બોરનું ઝાડ; વેદના-પીડા, દુઃખ; શેણે-કેવી રીતે; વીતવું-અનુભવવું ખરાબ પરિસ્થિતિમાંથી પસાર થવું; અજાણ્યું-જાણતા ન હોઈએ તેવું; બળતરા-દાઝવાથી થતી પીડા; ઊનું-ગરમ; ચાકરી-સેવા; આકરું-મુશ્કેલ, અસહ્ય; વેણ-શબ્દો; કઠોર-કર્કશ; તાપ-દુઃખ, સંતાપ, તડકો; બાણ-તીર, શર; ઊપજવું-ઉત્પન્ન થવું, પેદા થવું; હૈયું-હૃદય, મન, દિલ; મહાવરો-અભ્યાસ, પ્રેક્ટીસ; સૂણવું-સાંભળવું; કલ્લોલ-આનંદ; ક્રિડા-રમત, ખેલ

## સૂર..... કૃતિનો

પ્રસ્તુત કાવ્યમાં કવિએ આપણને અનુભવનું મહત્ત્વ સમજાવ્યું છે. નાની મોટી વાતો, ખાસ કરીને પીડાદાયક, દુઃખ આપે તેવા અનુભવો પ્રત્યક્ષ અનુભવ વિના સમજી શકાતા નથી. આ માટે કવિએ વિવિધ ઉદાહરણો આપી સ્પષ્ટતા કરી સરળ રીતે સમજાવવાનો ઉત્તમ પ્રયત્ન કર્યો છે.

## સ્વાધ્યાય

સ.૧ એક વાક્યમાં જવાબ લખો.

૧. શેના કાંટાની વાત કરી છે ?

૨. ક્યારે બળતરા થાય છે ?

૩. કેવા વેણથી દુઃખ થાય છે ?

૪. નિર્ધનની હાલત બતાવવા અહીં કઈ કહેવત વપરાઈ છે ?

સ.૨ સવાલના જવાબ ટૂંકમાં લખો.

૧. બિનઅનુભવી માણસ કઈ વેદના અનુભવી શકતો નથી ?

૨. દાઝ્યાની બળતરા અને હૈયાની વેદનાનો શો સંબંધ છે તે વર્ણવો.

૩. કઠોર વેણને બાણ સાથે સરખાવી કવિ શું કહેવા માગે છે ?

૪. ગરીબની હાલત ધનિક શા માટે સમજી શકતા નથી ?

૫. 'એક સાંધે ત્યાં તેર તૂટે' કહેવત ઉદાહરણ આપી સમજાવો.

સ.૩ (અ) સમાનાર્થી શબ્દ લખો.

કાંટો, નિર્ધન, વેદના, ચાકરી, બાણ, બળતરા, ઊનું, આકરું, ક્રિડા

(બ) 'બોર' ના ઝાડને 'બોરડી' કહે તો નીચેનાં ફળના ઝાડને શું કહે ?

| | | |
|---|---|---|
| દાડમ | જામફળ | કેરી |
| ચીકુ | સીતાફળ | કેળાં |

(ક) 'જાણીતું ન હોય તેને અજાણ્યું' કહે તો આ પ્રમાણે 'અ' પૂર્વગ લગાવી નકાર અર્થ દર્શાવતા શબ્દ બનાવો.

૧. યોગ્ય નહિ તે –

૨. ચેતન વિનાનું –

૩. નીતિ વિનાનું –

૪. ન્યાય વગરનું –

૫. સુર નહિ તે –

૬. વિવેકી ન હોય તે –

(ડ) 'અ' વિભાગમાં કહેવત આપી છે તેને 'બ' વિભાગના કહેવતના અર્થ સાથે જોડો.

| 'અ' વિભાગ (કહેવત) | 'બ' વિભાગ (અર્થ) |
|---|---|
| ૧. એક હાથે તાળી ન પડે | એક ક્ષેત્રમાં બે સત્તાનું ચલણ ન ચાલવું |
| ૨. એકનું બે ન થવું | બન્ને પક્ષમાં રહેવું, બન્ને બાજુએ ઢોલકી બજાવવી |
| ૩. એક પગ દૂધમાં ને બીજો પગ દહીંમાં | એકલાથી કામ ન થઈ શકે, સહકાર જોઈએ. |
| ૪. એક મ્યાનમાં બે તલવાર ન રહે | મક્કમ રહેવું, હઠ ન છોડવી |

## ઉપક્રમ

★ 'જીવનમાં કલ્પના અને જોવા મળતી વાસ્તવિકતા' અંગે તમારો મત મિત્રમંડળમાં વ્યક્ત કરો.

## પૂરક વાંચન

### ★ ગમે છે ! ★

નથી ગમતું ઘણું, પણ કૈંક તો એવું ગમે છે
બસ, એને કારણે આ ધરતીમાં રે'વું ગમે છે !
છે ચારે કોર માનવ-સરજી નકરી મુશ્કિલો તો,
પરંતુ કૈંક છે જેથી એ સૌ સહેવું ગમે છે !
છે એક્કે એક કદમે મોત મારગમાં ઊભેલું,
અને તોયે સદાયે ચાલતા રહેવું ગમે છે !
આ કિશ્તી ઓર છે, જેની તુફાનો પ્રેરણા છે
ખરાબા ને ખડક વચ્ચે થઈ વહેવું ગમે છે !
ક્ષિતિજ પર છે આંધી ને માથે મુશ્કેલી છે.
છતાં ઈન્સાનના ચહેરા ઉપરનું 'નૂર' ગમે છે !

કરસનદાસ માણેક

# દેશભક્ત જગડુશા

રમણલાલ સોની : મોડાસા પાસેના કોકાપુર ગામમાં જન્મેલા લેખક શ્રી. રમણલાલ સોનીએ બાળકોને ગમ્મત સાથે જ્ઞાન આપે તેવાં બાળનાટકો, બાળવાર્તાઓ તેમજ બાળકાવ્યો લખ્યા છે.

સ્થળ : પાટણ

પાટણના રાજા વિશળદેવનો દરબાર.

(રાજા વિશળદેવ દરબાર ભરીને બેઠા છે. પણ સૌના મોં ઉદાસ છે. આખાયે દરબારમાં જાણે નિરાશાની ઘેરી છાયા ફરી વળેલી છે. રાજાની સામે જ રાજજોષી ટીપણું પહોળું કરીને બેઠા છે. તે આંગળીના વેઢા પર આંકડા માંડે છે.)

રાજા : તે જોષીજી, આ વર્ષેય વરસાદ નથી શું ?

જોષી : મહારાજ, મને થાય છે કે કાળવાણી ઉચ્ચારતાં મારી જીભ કેમ કપાઈ જતી નથી ?

રાજા : સમજી ગયો ! હું સમજી ગયો ! જોષી હવે બોલવાની જરૂર નથી.

(એટલામાં બહારથી ઘણા લોકોનો પોકાર સંભળાય છે. ''અમને ખાવાનું આપો ! અમને જીવાડો ! અમે મરી જઈએ છીએ !''

રાજા : મારી રાંકડી રૈયત ભૂખે મરે છે ! હવે તો એક આશા જગડુશાની રહી છે. પ્રધાનજી એમને તેડી લાવવા કચ્છ ગયા છે. આજકાલમાં આવી જવા જોઈએ.

દરવાન : (પ્રવેશી રાજાને પ્રણામ કરી) મહારાજ ! કચ્છના શાહ સોદાગર શેઠ જગડુશા પધાર્યા છે. પ્રધાનજી પણ સાથે છે.

રાજા : (એકદમ ઉત્સાહમાં આવી) જલદી, જલદી એમને અંદર લઈ આવ.

દરવાન :(નમ્રતાથી) મહારાજ, પ્રધાનજીએ કહેવડાવ્યું છે કે શેઠ જગડુશા શાહ સોદાગર છે. તેમનો સત્કાર કરવા આપ પોતે ...

રાજા : સમજ્યો, સમજ્યો ! એમના સત્કાર માટે મારે જ સામા જવું જોઈએ. પ્રધાનજીની વાત સાચી છે !

(રાજા રાજગાદી પરથી ઊભા થઈ પ્રવેશદ્વાર ભણી જાય છે અને શેઠ જગડુશાનો સત્કાર કરી, વહાલથી ભેટી તેમને સન્માનપૂર્વક રાજ દરબારમાં લાવી આસન પર બેસાડે છે.)

જગડુશા : મહારાજ, ઓચિંતાનો કેમ યાદ કર્યો મને ?

રાજા : સુખ-દુ:ખની વાતો કરવા, શેઠજી ! ગુજરાતમાં આજે ત્રણ વરસથી કારમો દુકાળ ચાલે છે !

જગડુશા : એકલા ગુજરાતની કાં વાત કરો ? આખા હિન્દુસ્તાનમાં આજે દુકાળ છે. સિંધ, મેવાડ, માળવા, કાશી અને કંદ... કંદહાર લગી.. આજે લોકો ભૂખે મરે છે. અને પાનખરમાં પાંદડાં ખરે તેમ ખરે છે. વખત એવો બારીક છે કે ભલભલાની લાજ જવાનો વખત છે. સાત ખોટના દીકરાના મોમાંથી બાપ બટકુ



રોટલો કાઢી ખાય છે. મૂઠી ધાન સારું મા-બાપ છોકરાને વેચે છે ! શી ખબર શું થવા બેઠું છે ?

રાજા : રામજી રાખશે તેમ રહેશે ! પણ આવે વખતે રૈયતને ટકાવી રાખવાનો રાજ્યનો ધર્મ છે.

જગડુશા : આપ સરખા પ્રજાવત્સલ રાજાના મોંમાં આવા જ શબ્દો શોભે. મને એ સાંભળી બહુ આનંદ થાય છે. મેં તો સાંભળ્યું છે કે આપે આપના ધાનના કોઠાર અને ધનના ભંડાર ગરીબોને માટે ખુલ્લા મૂકી દીધા છે !

રાજા : મૂકી દીધા હતા; હવે તો એય ખાલી થઈ ગયા. હવે મારા ધનના ભંડાર અને અન્નના કોઠાર ખાલીખમ પડયા છે. અને રૈયતના પેટનો ખાડો તો હજી ઊણો ને ઊણો જ છે. ધાર્યું તું કે ઓણ સાલ વરસાદ આવશે ને સૌ સારાં વાનાં થશે, પણ વરસાદ આવ્યો નહિ, અધૂરામાં પૂરું તીડ પડ્યાં ! લોકો ત્રાહિ ત્રાહિ પોકારે છે !

(એટલામાં બહારથી પોકાર આવે છે : ''અમે મરી જઈએ છીએ, અમને જીવાડો... અમને જીવાડો... અમને અનાજ આપો !'')

જગડુશા : (બહારનો પોકાર સાંભળી) ભૂખ્યા ગળામાંથી પૂરો અવાજ પણ નીકળતો નથી !

રાજા : વસ્તીનું આ દુઃખ એ મારું દુઃખ છે. પણ નિવારણનો કોઈ રસ્તો મને દેખાયો નહિ, ત્યારે હું મૂંઝાયો. એવે વખતે તમે યાદ આવ્યા !

જગડુશા : (નવાઈ પામી) હું યાદ આવ્યો ? કેવી રીતે ?

રાજા : મારા સાંભળવામાં આવ્યું છે કે પાટણમાં જગડુશાની માલિકીની કેટલીક અનાજની વખારો છે !

જગડુશા : જગડુશાની માલિકીની અનાજની વખારો ? મહારાજ, આપની કંઈક ભૂલ થાય છે. મારી માલિકીની કોઈ વખાર મેં પાટણમાં કે કોઈ શહેરમાં આજે રાખી જ નથી.

રાજા : તો અમે સાંભળ્યું એ શું ?

જગડુશા : કંઈક સમજફેર થઈ હશે, મહારાજ ! કારણ કે વખારો મારી ખરી ને ?

રાજા : (નવાઈ પામી) વખારો આપની છે અને છતાં એ આપની માલિકીની નથી, એમ આપનું કહેવું છે ?

જગડુશા : વાત એમ છે કે વખારો મારી છે એ વિશે કંઈ શંકા નથી !

રાજા : અને એ વખારોમાંનું અનાજ ?

જગડુશા : એ અનાજ મારું નથી.

રાજા : (હતાશ બની જઈ) એ અનાજ તમારું નથી ? તો શું તમે એ કોઈને દઈ દીધું છે ? કોને દીધું ? ક્યારે દીધું ? હું તમને એના મોં માગ્યા દામ આપત !

જગડુશા : એ અનાજ મારું નથી, એ નિશ્ચિત છે. મેં કોને દીધું અને ક્યારે દીધું એ જાણવું હોય તો... એમ કરોને, એ વખારો ખોલાવી એની તપાસ કરાવો ને ?

રાજા : એમ કેવી રીતે ખબર પડશે ?

જગડુશા : એમ જ ખબર પડશે. દરેકે દરેક વખારની અંદર ભીંત પત્ર પર તાંબાપતરામાં લેખ લખાવીને જ જડાવેલો છે. તેમાં એ અનાજના માલિકનાં નામઠામ બધું લખેલું છે !

રાજા : ઠીક છે ! ઠીક છે ! હું એ માલિકની પાસે જઈશ. મારી રાંકડી પ્રજાની ખાતર એને કરગરીશ ને કહીશ કે સુકાળ થયે તને એકે એક દાણા સાટે મોતી ગણીને આપીશ. પણ આજે મારી પર આટલી દયા કર !

જગડુશા : જે રાજાના દિલમાં રૈયતના સુખદુઃખનો આવો ખ્યાલ છે. તેને અનાજ જરૂર મળી રહેશે.

રાજા : મળી રહેશે ? કોટવાલજી, જાઓ વખારો ઉઘાડો અને લેખ અહીં લઈ આવો !

કોટવાલ : જેવી આજ્ઞા મહારાજ ! (જવાનું કરે છે.)

જગડુશા : મહારાજ ! આપે આટલી તકલીફ લેવાની કંઈજ જરૂર નથી ! હમણાં જ મારા માણસો લેખ લઈને અહીં આવશે. મેં ક્યારનાયે તેમને ત્યાં મોકલી દીધા છે.

(એટલામાં હાથમાં તાંબાપતરું લઈને એક માણસ સભામાં દાખલ થાય છે. બધા તેની સામે જોઈ રહે છે. તે તાંબાપતરું જગડુશાના હાથમાં મૂકે છે. જગડુશા તે રાજાને આપે છે.)

રાજા : આ જ એ લેખ ?

જગડુશા : હા, મહારાજ, પંડિતજી પાસે એ વંચાવો.

રાજા : પંડિતજી, લો આ લેખ વાંચો.

(પંડિતજી ઊભા થઈ રાજાની સામે આવી પ્રણામ કરી પતરું હાથમાં લે છે.)

પંડિત : (પતરું વાંચે છે) મહારાજ, સાંભળો. આમાં લખ્યું છે કે આ વખાર જગડુશાની છે, પણ વખારમાંનું બધું અનાજ એના ભૂખે મરતાં ગરીબ ભાઈ ભાંડુઓનું છે. દેશની ભૂખે મરતી વસ્તી આ અનાજની માલિક છે. એના એક દાણા પર પણ જગડુશાનો હક્ક નથી !

(આખી સભા આ સાંભળી ઘડીભર સ્તબ્ધ બની જાય છે. પછી કળ વળતાં બધાં 'વાહ-વાહ' ! પોકારે છે.)

રાજા : વાહ, જગડુશા વાહ ! (ઊભા થઈ જઈ જગડુશાને ભેટી પડે છે.) તમે તો કહેતા હતા કે અનાજ તમારું નથી ?



જગડુશા : એ મારું ક્યાં છે ? એ તો ગરીબોનું છે. આ અનાજમાંથી એક દાણોય લેવાનો મને હક્ક નથી !

(એટલામાં બીજો માણસ હાથમાં પતરું લઈને આવી પહોંચે છે તે પતરું જગડુશાના હાથમાં આપે છે. જગડુશા તે રાજાને આપે છે. રાજા તે પતરું પંડિતને વાંચવા કહે છે.)

પંડિત : (બીજો લેખ વાંચે છે.) મહારાજ, સાંભળો, હવે હું બીજી વખારનો લેખ વાંચું છે. આમાં લખ્યું છે: 'આ વખાર જગડુશાની છે. પણ વખારમાંનું બધું અનાજ એના ભૂખે મરતાં ગરીબ ભાઈ-ભાંડુઓનું છે. દેશની ભૂખે મરતી વસ્તી આ અનાજની માલિક છે. એના એકે દાણા પર પણ જગડુશાનો હક્ક નથી !

(આખી સભા 'વાહ-વાહ' પોકારે છે. રાજા ફરી જગડુશાને ભેટી પડે છે. એવામાં ત્રીજો માણસ તાંબાપતરું લાવી રાજાના હાથમાં આપે છે. રાજા તે પતરું પંડિતને વાંચવા આપે છે.)

પંડિત : હવે ત્રીજી વખારનો આ લેખ સાંભળો : આ વખાર જગડુશાની છે. પણ એના અનાજના, એક દાણા પર પણ જગડુશાનો હક્ક નથી ! દેશની ભૂખે મરતી વસ્તી આ અનાજની માલિક છે.

રાજા : વાહ વાહ ! વાહ વાહ !

(આખી સભા આનંદનો જયઘોષ કરે છે.)

રાજા : જગડુશા, આવી તમારી કેટલી વખારો છે ગામમાં ?

જગડુશા : ચાલીસેક હશે, મહારાજ !

રાજા : ચાલીસ વખારો ? ત્યારે તો મારી પ્રજા જીવી ગઈ અને હુંયે જીવી ગયો ! જ્યાં લગી ગુજરાતના રાજ્યને તમારા જેવી ઉદાર અને શ્રેષ્ઠ વ્યક્તિઓ મળી છે, જગડુશા ! ત્યાં લગી ગુજરાતના રાજ્યને કોઈ આંચ આવવાની નથી !

(ત્યાં તો એક સાથે અનેક માણસો હાથમાં તાંબાપતરાં લઈ સભામાં પ્રવેશે છે અને તેમને જોઈ આખી સભા આનંદના આવેશમાં આવી ઊભી થઈ જયનાદ પોકારે છે.)

આખી સભા : ગુજરાતનો રાજા ઘણું જીવો ! ગુજરાતનો શાહ સોદાગર ઘણું જીવો ! ગુજરાતનું રાજ્ય અમર રહો !

(પડદો)

## શબ્દાર્થ

ટીપણું-પંચાંગ (મુહૂર્ત જોવા માટે વપરાતું પુસ્તક); કાળવાણી-ભયંકર આફતની વાણી; રાંકડી-ગરીબડી; રૈયત-પ્રજા; સોદાગર-સોદા કરનાર, વેપારી; સત્કાર-સ્વાગત; કારમો-ભયંકર; પ્રજાવત્સલ-પ્રજા પ્રત્યે પ્રેમ રાખનાર; હતાશ-નિરાશ; નિવારણ-ઉપાય; ઉપરણું-પછેડી, ખેસ; શ્રેષ્ઠી-આગેવાન; આંચ-નુકસાન; વખાર-અનાજ સંઘરવાનું સ્થળ; અમર-કદી મૃત્યુ ન પામે તેવું; પાનખર-ઋતુનું નામ (પેટાઋતુ); જીભ કપાઈ જવી-મૂંગા થઈ જવું, બોલતાં સંકોચ થવો; લાજ જવી-આબરૂ ગુમાવવી;

## સૂર..... કૃતિનો

પ્રસ્તુત કૃતિ નાટકનો પ્રકાર છે. જેમાં દુકાળ જેવા આફતના સમયે જ્યારે સમગ્ર જનસમુદાય પર સંકટમય પરિસ્થિતિ સર્જાય ત્યારે પાટણ જેવા સમૃદ્ધ શહેરમાં પણ લોકો અનાજ વિના ભૂખે ટળવળતા હતા. આવી વિકટ પરિસ્થિતિમાં જગડુશા શેઠે પોતાની પાસે રહેલા અનાજના કોઠારોને ગરીબ પ્રજા માટે ખુલ્લા મૂકી તેમના વિશાળ હૃદયનો પરિચય કરાવ્યો છે. અને ઈતિહાસમાં અમર બની આજે પણ લોકોના હૃદયમાં ગૌરવભર્યું સ્થાન પામ્યા છે.

## સ્વાધ્યાય

સ.૧ એક વાક્યમાં જવાબ લખો.

૧. વિશળદેવ ક્યાંના રાજા હતા ?

૨. કચ્છના શાહ સોદાગર કોણ હતા ?

૩. ગુજરાતમાં કેટલા વરસથી દુકાળ ચાલતો હતો ?

૪. કચ્છના શાહ સોદાગરની કેટલી વખારો હતી ?

૫. વખારો શેનાથી ભરેલી હતી ?

સ.૨ મુદ્દાસર જવાબ લખો.

૧. રાજસભામાં બેઠેલા સહુનાં મોં ઉદાસ કેમ હતાં ?

૨. ભવિષ્ય કથન કરતાં કોણ ખચકાતું હતું ? શા માટે ?

૩. પ્રધાનજી ક્યાં ગયા હતા ? શા માટે ?

૪. રાજા વિશળદેવે જગડુશાનું સ્વાગત કેવી રીતે કર્યું ? શા માટે ?

૫. જગડુશાની વાત સાંભળી રાજા શા માટે નવાઈ પામ્યો ?

૬. જગડુશા અનાજની સાચી માલિકી કોની ગણતા ? શા માટે ?

સ.૩ નીચેના વિશે ટૂંકમાં માહિતી આપો.

(૧) વિશળદેવનો પ્રજાપ્રેમ (૨) જગડુશાની ઉદારતા.

સ.૪ વિરોધી શબ્દ લખો.

ઉત્સાહ, આશા, અંદર, સત્કાર, ગરીબ, દુઃખ, શહેર, દુકાળ.

સ.૫ જાતિ બદલો.

રાજા, શેઠ, મહારાજા, પંડિત, માલિક.

સ.૬ નમૂના પ્રમાણે શબ્દ બનાવો.

નમ્ર-નમ્રતા; ઉદાર, સરળ, દરિદ્ર, દીન, કઠોર, અમર, પાત્ર.

સ.૭ અતિવૃષ્ટિ - લીલો દુકાળ. તમે જોયેલી પરિસ્થિતિનું વર્ણન કરો.

## ઉપક્રમ

★ આ એકાંકી નાટકને ભાવવાહી સંવાદ રૂપે શાળાના સુંદર રીતે ભજવો.

## પૂરક વાંચન

### ★ નવી રચી દ્યો ધરતી ★

આજ નવું આકાશ રચો
ને નવી રચી દ્યો ધરતી
ઇતિહાસોની પરંપરામાં
કરો ક્રાન્તિની ભરતી
મહેનતી મંજિલ પર મૂકો માનવતાને ફરતી
નવી રચી દ્યો ધરતી !
અજવાળું અવતારી, ફેડો અમાસનાં અંધારાં
રાખ વળે તો ખાખ અને જે સદા બળે તે અંગારા
નવો સૂરજ ને નવી સવારો લાવો વેળા વરતી
નવી રચી દ્યો ધરતી !
ભાગ્ય ભરોસે ભાંગ્યો બેસે નવરો નસીબ ભાખે
મહેનતકશ તો મરજીવો થઈ દરિયો ડહોળી નાખે
સૌ શ્વાસોમાં વિશ્વાસોની નૌકા રાખો તરતી
નવી રચી દ્યો ધરતી !

- બકુલ રાવળ

## પત્ર લેખન

૧૦, શિવકુંજ
એસ. વી. રોડ,
બોરીવલી (પ.),
મુંબઈ ૪૦૦ ૦૬૬.
તા. ૧૫.૯.૨૦૦૫

ચિ. મહેશ,

ગઈકાલે જ તારો પત્ર મળ્યો, વાંચી ખૂબ આનંદ થયો. ત્યાં તારી તબિયત સારી હશેજ. અહીં પણ બધાની તબિયત સારી છે. હવે તો તારી પ્રથમસત્રાંત પરીક્ષા શરૂ થવાની જ હશે. અમે તો તારી રાહ જોઈએ છીએ. ટીકુ તો રોજ કહે છે કે ખૂબ મજા કરીશું.

બેટા, તારા પત્રો વાંચીને આનંદ તો ઘણો થાય છે પણ સાથે પત્રમાંના તારા ગરબડિયા અક્ષરો જોઈને થોડો અફસોસ થાય છે. બેટા, સુંદર અક્ષર એ તો હાથની શોભા છે. પરીક્ષામાં સુંદર અક્ષરે લખાયેલા જવાબપત્રો પરીક્ષકના મન પર સુંદર પ્રભાવ પાડે છે. પરિણામે ગુણ પણ સારા મળે. તો આજે હું તને સુંદર અક્ષરના લખાણ માટે કેટલીક બાબતો જણાવું છું. તેનું જો તું બરાબર પાલન કરીશ તો ખરેખર જ તારા અક્ષરો સુંદર અને મરોડદાર બનશે.

- લખતી વખતે દરેક અક્ષરોનું પ્રમાણ એક સરખું રાખવાનો પ્રયત્ન કરવો.
- પ્રત્યેક અક્ષરનો મરોડ પૂરો કરવો.
- અક્ષરો અધૂરા લખીને છોડી ન દેવા.
- બે શબ્દો વચ્ચે યોગ્ય અંતર રાખવું ખૂબ જરૂરી છે.
- અક્ષરો લીટીની નીચે અડાડીને જ લખવા.

- અંગ્રેજી ભાષા લીટીની ઉપર લખાય જ્યારે આપણી માતૃભાષા લીટીની નીચે લખાય.
- અક્ષરો બની શકે તેટલા સીધા કરવા.
- ત્રાંસા અક્ષરો લખાણની સુંદરતા નષ્ટ કરે છે.
- લખતી વખતે હ્રસ્વ-દીર્ઘ 'ઈ' તેમજ 'ઉ' અને કાના-માત્રાનું માપ પણ એકસરખું જ રાખવું.
- લખાણને આકર્ષક બનાવવા વિરામચિહ્નો, જોડણી તેમજ જોડાક્ષરોનું પણ ધ્યાન રાખવું.

આ બધી બાબતોનું ધ્યાન રાખવા જતાં કદાચ ઝડપ ઓછી થશે પણ ધીમેધીમે મહાવરાથી ઝડપ વધી જશે. તું તો બહુ સમજુ છે. તેથી વધારે લખતી નથી.

ભણવામાં ધ્યાન રાખજે, તબિયત સાચવજે અને કંઈ જોઈતું-કરતું હોય તો મંગાવી લેજે. આ સાથે તારા માટે ગાંધીજીનું, 'સત્યના પ્રયોગો' પુસ્તક મોકલું છું. આમાં પ. પૂ. બાપૂના 'સારા અક્ષર' વિશેના વિચારો ખાસ વાંચજે.

તારા મિત્રોને પણ વાંચવા આપજે.

પત્ર લખતો રહેજે.

લિ. તારી મમ્મીના આશીર્વાદ

પ્રતિ,

મહેશ (ધો. આઠ-બ)

કેળવણી છાત્રાલય,

પંચગીની (મહારાષ્ટ્ર)

## માર્ગદર્શક પ્રશ્નપત્ર

સ. ૧ નીચેનામાંથી કોઈપણ ત્રણ પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો.

૧. વેપારીના મત પ્રમાણે ઉમેદવાર પાસે કઈ કઈ ભલામણો હતી ?

૨. માધવકાકાએ ક્યારે ક્યારે કોની ઉપર મિજાજ ગુમાવ્યો ?

૩. સસલી ક્યારે ક્યારે ડરતી હતી ?

૪. સરદાર હિંમતવાન અને હાજરજવાબી હતા તે દર્શાવતો પ્રસંગ લખો.

સ. ૨ (અ) એક વાક્યમાં જવાબ લખો. (કોઈપણ ત્રણ)

૧. પશાભાઈની વાડીમાં ક્યા ક્યા ઝાડ હતાં ?

૨. ઑલિમ્પિક સ્પર્ધાના સ્પર્ધકો શેના શિકાર બન્યા હતાં ?

૩. વિશળદેવ ક્યાંના રાજા હતાં ?

૪. નાનો છોકરો શા માટે રડવા લાગ્યો ?

૫. સરદારના શરીર અને મન કેવા હતાં ?

(બ) નીચેના વાક્યો કોણ બોલે છે ? કોને કહે છે ?

૧. ''સંસ્કૃત વિના ગુજરાતી આવડે નહિ એ ખબર છે ?''

૨. ''વાત સાચી જ છે. બધાં જ વૃક્ષો કામનાં છે.''

૩. ''કેમ લટકાવી આપી ને છબી ?''

૪. ''ભાગો રે ભાઈ ભાગો ?''

(ક) યોગ્ય શબ્દ મૂકી ખાલી જગ્યા પૂરો. (કોઈપણ ત્રણ)

૧. ''સસલી, તારી બીકણ જાત, સૌની તે લીધી છે ...... !''

૨. દેશની ભૂખે મરતી વસ્તી આ અનાજની ...... છે.

૩. તારી ...... તો નાની અમથી ને કડવી કડવી.

૪. મહાપુરુષોનાં હૃદય ...... થી પણ કઠોર અને પુષ્પથી પણ ...... હોય છે.

(ડ) યોગ્ય પર્યાય પસંદ કરી વાક્ય પૂર્ણ કરો.

૧. લીમડાના પાંદડાંનો ધુમાડો કરવાથી ......

(અ) ઘરની શોભા વધે છે.

(બ) માથામાંની જૂ મરી જાય છે.

(ક) મચ્છર અને જીવાત ભાગી જાય.

૨. નવે નવ સ્પર્ધકો એક કતારમાં .........

(અ) ઓલિમ્પિક સ્પર્ધા માટે ઊભાં રહી ગયાં હતાં.

(બ) એકસો મીટરની દોડ માટે ઊભાં રહી ગયાં હતાં.

(ક) દોરડાં કૂદવા માટે ઊભાં રહી ગયાં હતાં.

૩. વિશળદેવના દરબારમાં નિરાશાની ઘેરી છાયા ફરી વળી હતી. કારણ કે .........

૧. સતત ત્રીજા વર્ષ કારમો દુકાળ પડ્યો હતો.

૨. જગડુશાએ મદદ કરવાની ના પાડી દીધી.

૩. ભૂખે મરતી વસ્તી અનાજની માલિક હતી.

સ. ૩ કોઈપણ ત્રણ પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો.

૧. કવિને મંદિરમાં શું શું કરવું ગમતું નથી ? શા માટે ?

૨. કવિને ઘરઆંગણાં કરતાં વન શા માટે ગમે છે ?

૩. સમુદ્રને શા માટે રત્નાકર સાગર કહ્યો છે ?

૪. કન્યાને વિદાયવેળાએ શેની યાદ સતાવે છે ? શા માટે ?

૫. બિનઅનુભવી માણસ કઈ વેદના અનુભવી શકતો નથી ?

સ.૪ (અ) એક વાક્યમાં જવાબ લખો. (કોઈપણ ત્રણ)

૧. પ્રભાતને કવિ કોનું રાજ્ય કહે છે ?

૨. ભારતની ભૂમિને કેવી ભૂમિ કહી છે ?

૩. વિશ્વ શેમાં ભર્યું લાગે છે ?

૪. સૌરાષ્ટ્રની કઈ કેરી પ્રસિદ્ધ છે ?

(બ) યોગ્ય શબ્દ મૂકી ખાલી જગ્યા પૂરો.

૧. હાલીએ ભેરું, ...... જે કોઈ હોય તે રહે બાદ.

૨. પોષો તમે સહુને, શુભ ...... બક્ષી.

૩. બાણ ખૂંચ્યું હોય ...... માં, કેવો કરે છે કાપ ?

(ક) કોઈપણ એક કાવ્યપંક્તિ સમજાવો.

૧. પૈડું સીંચતા રસ્તા આખો કોલાહલમાં ખૂંપે,
શૈશવથી ચીતરેલી શેરી સૂનકારમાં ડૂબે.

૨. ચાહો બધા પરસ્પર, સાહો બધા પરસ્પર
એ પ્રાર્થના કરે આ સંતાન સૌ તમારાં ?

સ.૪ માગ્યા પ્રમાણે કરો.

(અ) સમાનાર્થી શબ્દ લખો : દીપ, પ્રભાત

(બ) વિરોધી શબ્દ લખો : અંધારું, સ્વચ્છતા

(ક) વચન બદલો : દરવાજો, ખુરશીઓ

(ડ) જાતિ બદલો : સસલો, ઊંટ

(ઈ) કાળ ઓળખો :

૧. પક્ષીઓ સુંદર માળા બાંધે છે.

૨. આ વર્ષે અમે નવરાત્રી સાદાઈથી ઉજવી

(ઈ) રૂઢિપ્રયોગનો અર્થ લખો : મિજાજ જવો, નાક મરડવું

સ. ૫ નીચેનામાંથી કોઈપણ એક નિબંધ લખો.

૧. અતિવૃષ્ટિ-લીલો દુકાળ ૨. ખેલદિલીનું મહત્ત્વ

૩. મારો ભારત મહાન ૪. પરોપકાર

સ. ૬ ઉનાળાની રજાઓમાં મુંબઈના જોવાલાયક સ્થળો જોવા માટે આવવાનું નિમંત્રણ આપતો પત્ર તમારા મિત્રને લખો.

સ. ૭ 'બીકણ સસલી' ની વાર્તા ટૂંકમાં તમારા શબ્દોમાં લખો.

સ. ૮ નીચેનો ગદ્યખંડ વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના જવાબ લખો.

એક ફકીર હતો. તેના શરીરમાં બાણ પેઠું. તે બાણને લીધે તેને ખૂબ વેદના થતી હતી. બાણ કાઢવા જાય તો હાથ લગાડતાંની સાથે વેદના વધારે થતી. આમ એ બાણ કાઢવાનું પણ બને એમ નહોતું. આજે નીકળી છે તેવી બેભાન કરવાની કલોરોફોર્મ જેવી દવા પણ તે વખતે નહોતી. મોટો સવાલ ઊભો થયો. તે ફકીર વિષે જે લોકોને માહિતી હતી, તેમાંના કેટલાક જણે આગળ આવીને કહ્યું ''અત્યારે બાણ કાઢવાનું રહેવા દો. આ ફકીર પ્રાર્થનામાં બેસશે એટલે પછી તે બાણ કાઢીશું.'' સાંજે પ્રાર્થનાનો વખત થયો. ફકીર પ્રાર્થનામાં બેઠો. એક પળમાં તેના ચિત્તની એવી એકાગ્રતા થઈ ગઈ કે પેલું બાણ તેના શરીરમાંથી ખેંચી કાઢ્યું તો યે તેને તેનું ભાન સરખું ન થયું. કેટલી બધી એકાગ્રતા !

પ્રશ્ન

૧. ફકીરને શેના લીધે વેદના થતી હતી ?

૨. બેભાન કરવાની દવાનું નામ શું ?

૩. ફકીરના શરીરમાંથી બાણ ક્યા સમયે ખેંચી કાઢ્યું ?

૪. ફકીર વિષે લોકો શું માનતા હતાં ?

૫. આ ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.


# શબ્દરમત

- આપેલા ચોકઠામાં રમતના જુદાં જુદાં નામ છુપાયેલા છે, તે શોધો. એક શોધી બતાવેલ છે.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ક્રિ | હો | કી | લ | તા | જી | કે | ળી | સા | લં |
| ખો | કે | બો | દો | શા | ર | તા | પ | ગ | થ્રો |
| ખો | લી | ટ | ર | મ | ત | સી | ડી | રી | બે |
| વૉ | કો | બે | ડા | સા | ડી | ન્ટ | અં | ડી | ડ |
| ડી | યાં | ઝ | ફૂ | ક્ષ | સ | ળી | ક | પા | મિ |
| ચો | થિ | બો | દ | નિ | પ | ફૂ | લ | ચી | ન્ટ |
| પા | ગ | લ | ટે | પી | તા | ખો | લ | કા | ન |
| ટ | પ | લ | લી | સં | ટી | બૉ | ડ્ડી | બ | ક |
| ટે | બ | મ | બા | સ્કે | ટ | બૉ | લ | બ | ડ્ડી |
| ટે | આ | ચે | સ | ફૂ | સ્કે | ગિ | લ્લી | દં | ડો |

(૧) લખોટી (૨) સાપસીડી (૩) ચોપાટ (૪) કોડી
(૫) પાચીકા (૬) પગથિયાં (૭) ક્રિકેટ (૮) વૉલીબૉલ
(૯) હોકી (૧૦) બેડમિન્ટન (૧૧) ફુટબૉલ (૧૨) કબડ્ડી
(૧૩) લંગડી (૧૪) ખોખો (૧૫) ટેબલ ટેનિસ (૧૬) બાસ્કેટ બૉલ
(૧૭) ચેસ (૧૮) કેરમ (૧૯) બેઝબોલ (૨૦) સાતતાળી
(૨૧) સંતાકૂકડી (૨૨) આમલીપીપળી (૨૩) ગિલ્લીદંડો (૨૪) દોરડાકૂદ







મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે.

गुजराती प्रवेशिका - इ. ८ वी.

Rs. 15.00